PRGI No. GUJGUJ/2016/70752

# નવસર્જન સંસ્કૃતિ



નવસર્જન સંસ્કૃતિ

PUBLISHED GUJARATI DAILY FROM AHMEDABAD

Volume : 10
Issue : 292
Dt.: 27-08-2026,
Thursday
Page:04
Rs.00.50 paisa

# ટ્રમ્પની ધમકી બાદ કેનેડાનો જડબાતોડ જવાબ: અમેરિકન સામાન પર ઝીંક્યો ૨૦ અબજ ડૉલરનો ટેરિફ

## કેનેડાએ આકરા પગલાં લેતા ૮ સપ્ટેમ્બરથી યુએસની ૭૦૦ થી વધુ પ્રોડક્ટ્સ પર ૧૫% થી ૫૦% સુધીની કસ્ટમ ડ્યુટી લાદવાની જાહેરાત કરી



(સંપૂર્ણ સમાચાર સેવા)કેનેડા

વિશ્વની બે સૌથી મજબૂત અર્થવ્યવસ્થા ધરાવતા દેશો અમેરિકા અને કેનેડા વચ્ચે ચાલી રહેલું 'ટ્રેડ વોર' (વેપાર યુદ્ધ) હવે ખૂબ જ તીવ્ર અને ભયાનક મોડ પર પહોંચી ગયું છે.

યુએસ દ્વારા તાજેતરમાં લેવાયેલા ટેરિફના નિર્ણયોના જવાબમાં કેનેડાએ પણ હવે સણસણતો પ્રહાર કર્યો છે. કેનેડાએ અમેરિકન ઉત્પાદનો પર આશરે ઈ૨૦ બિલિયન (અંદાજે **$19.94** બિલિયન) ની તોતિંગ કસ્ટમ ડ્યુટી લાદવાની સત્તાવાર જાહેરાત કરી દીધી છે. આટલું જ નહીં, આ વેપાર યુદ્ધની દેશના સ્થાનિક વેપારીઓ અને કર્મચારીઓ પર માઠી અસર ન પડે તે માટે કેનેડિયન સરકારે બહુ-અબજ ડોલરના ખાસ સહાયક પેકેજની પણ જાહેરાત કરી છે.

કેનેડાનો આ પ્રતિશોધક ટેરિફ આવનારી ૮ સપ્ટેમ્બરથી વિધિવત રીતે લાગુ કરી દેવામાં આવશે. આ નિર્ણય હેઠળ અમેરિકાથી આયાત થતી અંદાજે ૭૦૦ જેટલી વિવિધ પ્રોડક્ટ્સને આવરી લેવામાં આવી છે, જેના પર ૧૫% થી લઈને ૫૦% સુધીની ભારે કસ્ટમ ડ્યુટી વસૂલવામાં આવશે. બંને દેશો વચ્ચે છેલ્લા કેટલાક સમયથી સંબંધો સતત વણસી રહ્યા હતા, અને હવે કેનેડાના આ આકરા વલણથી બંને દેશો સામસામે આવી ગયા છે.

હકીકતમાં, શનિવારે યુએસ અને કેનેડા વચ્ચે આ મુદ્દે યોજાયેલી ઉચ્ચ સ્તરીય વાટાઘાટો સાવ નિષ્ફળ ગઈ હતી, જેના પરિણામે કેનેડાએ વોશિંગ્ટનના નિર્ણયના જવાબમાં જ આ તુલનાત્મક આકરા પગલાં ભર્યા છે. કેનેડાના નાણા મંત્રાલયના અધિકારીઓએ રોઈટર્સને જણાવ્યા મુજબ, અલગ-અલગ વસ્તુઓ પર નીચે મુજબ ટેરિફ લાદવામાં આવ્યો છે:

સ્ટીલ, એલ્યુમિનિયમ, ફર્નિચર અને કપડાં: આ વસ્તુઓ પર સૌથી વધુ એટલે કે ૫૦% સુધીનો ટેરિફ ઝીંકાયો છે.

ઘરગથ્થુ ઉપકરણો **(Home Appliances)** અને સીફૂડ: આ પ્રોડક્ટ્સ પર ૨૫% ડ્યુટી લાગશે.

ઈલેક્ટ્રોનિક્સ અને અન્ય સાધનો: આ વસ્તુઓ પર ૧૫% કસ્ટમ ડ્યુટી વસૂલવામાં આવશે.

કેનેડાના નાણામંત્રી ફ્રાંકોઈસ-ફિલિપ શેમ્પેને આ નિર્ણય અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે ઓટ્ટાવા (કેનેડા સરકાર) એ ભૂતકાળના વ્યાપારી વિવાદોના અનુભવોને આધારે ખૂબ જ સંતુલિત અને પ્રમાણસર અભિગમ અપનાવ્યો છે અને ચોક્કસ ઉત્પાદનો સુધી જ આ ટેરિફ મર્યાદિત રાખ્યો છે. તેમણે ઉમેર્યું કે અમેરિકાના તાજેતરના ટેરિફથી કેનેડાના નાના અને મધ્યમ કદના ઉદ્યોગો **(SMEs)** ને મોટો ફટકો પડી શકે તેમ હતો. તેથી સરકારે ટેરિફ લાદવાની સાથે સાથે એક મોટું સપોર્ટ પેકેજ પણ આપ્યું છે, જેથી દેશની કંપનીઓ સ્થાનિક સ્તરે મજબૂતીથી સ્પર્ધામાં ટકી રહે.

### ઈરાન-અમેરિકા વચ્ચે સમાધાનની તૈયારી!

# અમેરિકા અને ઈરાન વચ્ચેનો તણાવ હવે સમાપ્ત થવા જઈ રહ્યો છે

## ઈરાન અને અમેરિકા યુદ્ધવિરામ કરાર માટે સંમત થઈ ગયા છે અને ટૂંક સમયમાં તેની સત્તાવાર જાહેરાત કરવામાં આવશે

(સંપૂર્ણ સમાચાર સેવા)તેહરાન

અમેરિકા અને ઈરાન વચ્ચેનો તણાવ હવે સમાપ્ત થવા જઈ રહ્યો છે. જો રશિયન એજન્સી **RIA** નોવોસ્તીના અહેવાલ પર વિશ્વાસ કરીએ તો બંને દેશ યુદ્ધવિરામ કરાર માટે સંમત થઈ ગયા છે. એજન્સીએ પાકિસ્તાની સૈન્ય અધિકારીઓ અને ઈરાની સુરક્ષા સૂત્રોના હવાલાથી આ માહિતી આપી છે. અહેવાલ મુજબ પ્રસ્તાવિત કરારમાં હોર્મુઝ જળમાર્ગમાં જહાજોની મુક્ત અવરજવરની મંજૂરી પણ સામેલ છે, જે આ સમગ્ર સંઘર્ષનો મુખ્ય મુદ્દો રહ્યો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, અમેરિકા અને ઈરાન વચ્ચે થયેલા આ કરારની સત્તાવાર જાહેરાત આગામી દિવસોમાં થઈ શકે છે. જોકે, અત્યાર સુધી બંને દેશો તરફથી આ સમાચારની સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી.

હોર્મુઝ જળમાર્ગ દુનિયાના સૌથી મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગોમાંથી એક છે અને અહીંથી મોટી માત્રામાં તેલ તથા અન્ય ઊર્જા ઉત્પાદનોનું પરિવહન થાય છે. જો આ કરાર લાગુ થાય છે, તો તેનાથી વિસ્તારમાં ચાલી રહેલો તણાવ ઘટવાની આશા વધી શકે છે. ખાસ કરીને હોર્મુઝ જળમાર્ગમાં જહાજોની અવરજવર સામાન્ય થવાથી આંતરરાષ્ટ્રીય વેપાર અને તેલના પુરવઠાને લઈને મોટી ખુશખબર મળવાની આશા છે.

યુદ્ધવિરામ કરારના સમાચાર એવા સમયે આવ્યા છે, જ્યારે અમેરિકાએ ઈરાન પર આર્થિક પ્રતિબંધો વધાર્યા છે. અમેરિકાએ ઈરાનને આર્થિક રીતે નબળું પાડવાની યોજના બનાવી હતી, ત્યારબાદ તેના પર એવા પ્રતિબંધો લગાવવામાં આવ્યા હતા, જે તેને વૈશ્વિક સ્તરે અલગ પાડનારા હતા. મોટાભાગના દેશો હજુ પણ ઈરાન સાથે વેપાર કરતા નથી, પરંતુ પશ્ચિમ એશિયા, દક્ષિણ એશિયા ઉપરાંત રશિયા એવો દેશ હતો, જેણે ઈરાન સાથે આર્થિક સંબંધો જાળવી રાખ્યા હતા. અમેરિકાના નવા પ્રતિબંધો આ દેશો સાથે જોડાયેલી કંપનીઓ સામે કાર્યવાહી કરવાના હતા અને તેનાથી ઈરાનને મોટું નુકસાન થવાનું હતું. આવી સ્થિતિમાં અમેરિકાને આશા હતી કે આ પગલા બાદ ઈરાન કરારની વાતચીતના ટેબલ પર આવી જશે.

આ દરમિયાન ઈરાને ફરી એકવાર ઓમાન સાથે હોર્મુઝ જળમાર્ગને લઈને કરારની વાત શરૂ કરી છે. એવા સમાચાર પણ સામે આવી રહ્યા છે કે ઓમાન સાથે ઈરાનનો આ કરાર થવાની નજીક છે. ત્યારબાદ દરિયાઈ વિસ્તારમાં રહેલી બારૂદી સુરંગોને દૂર કરવાની યોજના પણ બનાવવામાં આવી છે અને હોર્મુઝ જળમાર્ગમાં જહાજો માટે નવો કામચલાઉ માર્ગ તૈયાર થઈ શકે છે. ઈરાનના એક વરિષ્ઠ રાજદ્વારીએ પણ આ વાતની પુષ્ટિ કરી છે. ઈરાનના જણાવ્યા અનુસાર પ્રસ્તાવિત કરાર લાગુ થયા બાદ હાલમાં જહાજો માટે ઉપયોગમાં લેવાતો દક્ષિણ દરિયાઈ માર્ગ બંધ થઈ શકે છે. આ માર્ગ ઓમાનના કિનારા નજીકથી પસાર થાય છે અને આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા પ્રાપ્ત દરિયાઈ માર્ગનો ભાગ છે. તમને જણાવી દઈએ કે, ઈરાન લાંબા સમયથી આ માર્ગ સામે વાંધો ઉઠાવતું રહ્યું છે. ઈરાનના નાયબ વિદેશ મંત્રી કાઝેમ ગરીબાબાદીએ જણાવ્યું કે, ઈરાન અને ઓમાન મળીને નવો માર્ગ બનાવવા માટે સંમત થયા છે. આ માર્ગ પરથી જહાજો બંને દિશામાં ઈરાનના દરિયાઈ વિસ્તારમાંથી પસાર થશે. તમને જણાવી દઈએ કે, હજુ કરારને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું નથી. અમેરિકા હંમેશા ઈરાનના નવા માર્ગનો વિરોધ કરતું રહ્યું છે, આવી સ્થિતિમાં તે તેને સ્વીકારશે કે નહીં, તે મોટો સવાલ છે. ઓમાન તરફથી જાહેર કરવામાં આવેલા પ્રારંભિક નિવેદનમાં દક્ષિણ માર્ગ બંધ કરવાનો કોઈ ઉલ્લેખ કરવામાં આવ્યો નહોતો. બાદમાં ઈરાન તરફથી આ માહિતી સામે આવી. આ જ કારણે પ્રસ્તાવિત કરારને લઈને સ્થિતિ હજુ સંપૂર્ણપણે સ્પષ્ટ નથી.

# ભાગલપુરમાં ગંગા નદીમાં ૨૨ મજૂરો ભરેલી હોડી પલટી: SDRFએ ૨૧ને બચાવ્યા

## આ મજૂરો ગંગા નદીમાં ધોવાણ અટકાવવાનું કામ કરી રહ્યા હતા : બોટમાં રેતીની થેલીઓ પણ ભરેલી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)ભાગલપુર

બિહારના ભાગલપુરમાં ગંગા નદીમાં એક હોડી પલટી ગઈ. તેમાં બાવીસ મજૂરો સવાર હતા. એકવીસ મજૂરોએ નદી પાર કરીને પોતાનો જીવ બચાવ્યો. એક મજૂર ગુમ થયાના અહેવાલ છે. હાલમાં ઘટનાસ્થળે બચાવ કામગીરી ચાલી રહી છે. આ મજૂરો ગંગા નદીમાં ધોવાણ અટકાવવાનું કામ કરી રહ્યા હતા. બોટમાં રેતીની થેલીઓ પણ ભરેલી હતી. અહેવાલો અનુસાર, ભાગલપુરના નવગછીયાના ખારિક બ્લોકમાં રાઘોપુર બંધ પાસે ગંગા નદીમાં આ અકસ્માત થયો હતો. કામદારો રેતીની થેલીઓનો ઉપયોગ કરીને નદીના ધોવાણને રોકવાનો પ્રયાસ કરી રહ્યા હતા. અચાનક વજન ઘટવાથી અને બદલાતા નદીના પ્રવાહને કારણે દબાણ વધવાથી હોડી પલટી ગઈ, જેના કારણે તેમાં સવાર તમામ ૨૨ કામદારો ગંગામાં ડૂબી ગયા. માહિતી મળતાં જ ઘટનાસ્થળે પહોંચેલી **SDRF** ટીમે ઝડપી કાર્યવાહી કરી અને ૨૧ કામદારોને સુરક્ષિત રીતે બચાવી લીધા, જ્યારે ગુમ થયેલા કામદારને શોધવા માટે બચાવ કામગીરી ચાલુ છે. બે દિવસ પહેલા, ગંગા નદીએ રાઘોપુર ગામમાં બંધ તોડી નાખ્યો હતો, જેના કારણે બિહાર સરકારના ઉર્જા મંત્રી બુલો મંડલના નિવાસસ્થાન સહિત સમગ્ર વિસ્તારમાં પાણી ભરાઈ ગયા હતા. પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને, મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીએ તાજેતરમાં પરિસ્થિતિનું હવાઈ સર્વેક્ષણ કર્યું હતું અને જિલ્લા વહીવટીતંત્રને યુદ્ધના ધોરણે રાહત અને બચાવ કામગીરી હાથ ધરવા નિર્દેશ આપ્યો હતો. જિલ્લા મેજિસ્ટ્રેટ અલંકૃતા પાંડે અને અનેક વહીવટી અધિકારીઓ સ્થળ પર કેમ્પિંગ કરી રહ્યા છે અને પરિસ્થિતિનું નિરીક્ષણ કરી રહ્યા છે.

# ક્રાઈમ બ્રાન્ચનો દેશવ્યાપી પર્દાફાશ: કેન્સર સારવારના રૂ. ૧ લાખના ઈંજેક્શનમાં માત્ર પાણી નીકળ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દિલ્હી પોલીસની ક્રાઈમ બ્રાન્ચની તપાસમાં કેન્સરની મોંઘી દવાઓની કાળાબજારી અને નકલી દવાઓ વેચવાના એક મોટા રેકેટનો પર્દાફાશ થયો છે. દર્દીઓ દિલ્હીના બ્લેક માર્કેટમાંથી જે એવાલુમૅબ(**Avelumab**) ઈંજેક્શન આશરે એક-એક લાખ રૂપિયામાં ખરીદી રહ્યા હતા, તેમાં દવાની જગ્યાએ માત્ર પાણી ભરેલું હતું. ઉત્પાદક કંપની દ્વારા જર્મનીની મર્ક લેબમાં તપાસ કરાવતા સામે આવ્યું કે આ ઈંજેક્શનમાં કેન્સર સામે લડતો મૂળ ઘટક(ઈંગ્રીડિયન્ટ) બિલકુલ ગાયબ હતો. આ સિવાય રાજસ્થાન સરકારની યોજના હેઠળ કેન્સરના દર્દીઓ માટે મફત અપાતી સરકારી દવાઓ પણ ગેરકાયદેસર રીતે બ્લેક માર્કેટમાં વેચાઈ રહી હોવાનો ખુલાસો થયો છે.

ક્રાઈમ બ્રાન્ચે ૨૦ ઑગસ્ટના રોજ દેશના ૭ રાજ્યોમાં ફેલાયેલા આશરે ૯ કરોડ રૂપિયાના આ નેટવર્ક પર દરોડા પાડ્યા હતા. આ કૌભાંડમાં સામેલ ૧૭ આરોપીઓની અટકાયત કરવામાં આવી છે. દરોડા દરમિયાન પોલીસને ૫૮૮ ભરેલા એન્ટી-કેન્સર વાયલ(શીશીઓ), ૬ ખાલી વાયલ, ૭ ખાલી બોક્સ, અન્ય દવાઓના ૩૦૨૧ યુનિટ અને રૂ. ૫૦ લાખની રોકડ રકમ મળી આવી છે. આ દરોડામાં ડાર્જાલેક્સ, ઈમફિંજી, એરબિટક્સ, ઓપડાઈટા, કીટ્રુડા જેવી અત્યંત મોંઘી કેન્સરની દવાઓ જપ્ત કરવામાં આવી છે. આ ગેંગનું નેટવર્ક દિલ્હી-દ્રઝઈ, મુંબઈ, હૈદરાબાદ, હરિયાણા અને ઉત્તર પ્રદેશ સુધી ફેલાયેલું હતું.

પોલીસ તપાસ અનુસાર, આ સિન્ડિકેટ સુધી દવાઓ પહોંચાડવાના મુખ્ય ત્રણ રસ્તા હતા:

ગેરકાયદેસર સ્રોતોમાંથી ખરીદાયેલી બનાવટી(નકલી) દવાઓ.

હૉસ્પિટલોમાંથી કેન્સરના દર્દીઓ માટે રાખવામાં આવેલી દવાઓની ચોરી અથવા હેરાફેરી.

સરકારી સંસ્થાઓ અને ગોડાઉનોમાંથી સરકારી સપ્લાયની દવાઓ બહાર કાઢવી.

આ દવાઓને કોઈ પણ કાયદેસરના બિલ, લાયસન્સ કે ખરીદ રૅકોર્ડ વગર ઘરોમાં રાખવામાં આવતી હતી. જૂના અને અસલી બોક્સ પરથી કલર અથવા એસીટોન જેવા કેમિકલથી જૂનો બેચ નંબર અને **MRP** ભૂંસી નાખી નવું પેકિંગ તૈયાર કરવામાં આવતું હતું.

# અમેરિકામાં ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યામાં ૧૫ ટકા ઘટાડો નોંધાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

ટ્રમ્પ તંત્રએ ઈમિગ્રેશનના નિયમો વધુ આકરા બનાવતા અમેરિકન કોલેજોમાં એડમિશન લેતા ભારતીયોની સંખ્યા ૨૦૨૫-૨૬માં અગાઉના વર્ષના સમાન સમયગાળાની તુલનાએ ૧૫ ટકા ઘટી છે, એમ અહેવાલમાં જણાવાયું છે. ૧,૧૦૦થી પણ વધુ સંસ્થાઓનું પ્રતિનિધિત્વ કરતાં કોમન એપના અહેવાલમાં દર્શાવાયું છે કે ૨૦૨૬-૨૭ના શૈક્ષણિક વર્ષમાં એડમિશન્સમાં વૃદ્ધ થઈ, પરંતુ માર્ચથી કુલ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓની સંખ્યામાં દસ ટકા સુધીનો ઘટાડો થયો છે, જે અત્યાર સુધીનો સૌથી મોટો ઘટાડો છે.સ્વૈચ્છિક સંગઠનના અહેવાલ મુજબ ભારતમાંથી થતી અરજીમાં ૧૫ ટકા ઘટાડો નોંધાયો છે, જે અમેરિકામાં આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓનો સૌથી મોટો સોર્સ માનવામાં આવે છે. અમેરિકામાં ભારતીય વિદ્યાર્થીઓ સૌથી મોટો સ્રોત માનવામાં આવે છે. ૨૦૨૪-૨૫ના શૈક્ષણિક વર્ષ દરમિયાન ૩.૬૩ લાખ ભારતીય વિદ્યાર્થીઓ વિવિધ અભ્યાસક્રમમાં અભ્યાસ કરી રહ્યા હતા.

અહેવાલ મુજબ ભારતીય વિદ્યાર્થીઓએ ૨૦૨૫-૨૬ના વસંતમાં સ્થાનિક અર્થતંત્રમાં ૪૧.૭૭ અબજ ડોલરનું પ્રદાન આપ્યું હતું.

### ૧૨ નવા મંત્રીઓની થઈ શકે એન્ટ્રી

# મોદી કેબિનેટમાં મોટા ફેરબદલની તૈયારીઓ

## વન પર્સન, વન પોસ્ટ ફોર્મ્યુલા હેઠળ પિયૂષ ગોયલ, હર્ષ મલ્હોત્રા, પંકજ ચૌધરી જેવા નેતાઓની ભૂમિકા બદલાઈ શકે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતીય જનતા પાર્ટી(**BJP**) દ્વારા નવી રાષ્ટ્રીય ટીમની જાહેરાત કરવામાં આવ્યા બાદ હવે દેશના રાજકીય વર્તુળોમાં મોદી કેબિનેટમાં સંભવિત ફેરબદલની ચર્ચાઓએ જોર પકડ્યું છે. ભાજપ સંગઠનમાં કરવામાં આવેલા મોટા વહીવટી ફેરફારો બાદ હવે આગામી ક્રમ કેન્દ્ર સરકારનો હોવાની અટકળો વહેતી થઈ છે. કેન્દ્રીય મંત્રી પરિષદની હાલની સ્થિતિ અને બંધારણીય મર્યાદાઓ પર નજર કરીએ તો, વર્તમાન સમયમાં કેન્દ્ર સરકારમાં કુલ ૬૯ મંત્રીઓ કાર્યરત છે. નિયમ અને બંધારણીય મર્યાદા અનુસાર કેન્દ્રીય મંત્રીમંડળમાં મહત્તમ ૮૧ મંત્રીઓનો સમાવેશ કરી શકાય છે. આ ગણતરી મુજબ કેન્દ્ર સરકાર પાસે હજુ પણ ૧૨ નવા મંત્રીઓનો સમાવેશ કરવાની જગ્યા ઉપલબ્ધ છે. આ આંકડો જ મંત્રીમંડળમાં વિસ્તાર અને વિસ્તારિત ફેરબદલની શક્યતાઓને વેગ આપી રહ્યો છે. જોકે, આ અંગે હજુ સુધી કોઈ પણ પ્રકારની સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી.

ભાજપની નવી રાષ્ટ્રીય ટીમમાં પિયૂષ ગોયલ, સ્મૃતિ ઈરાની અને અનુરાગ ઠાકુર જેવા વરિષ્ઠ અને પ્રભાવશાળી ચેહરાઓને સંગઠનમાં મહત્ત્વની જવાબદારીઓ સોંપવામાં આવી છે. આ ઉપરાંત કેન્દ્રીય મંત્રી હર્ષ મલ્હોત્રાને દિલ્હી ભાજપના પ્રમુખ અને પંકજ ચૌધરીને ઉત્તર પ્રદેશ ભાજપના પ્રમુખ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. સંગઠનમાં આ નવી જવાબદારીઓ મળ્યા બાદ ભાજપના અગત્યના સિદ્ધાંત 'વન પર્સન, વન પોસ્ટ'(એક વ્યક્તિ, એક પદ)ની ફોર્મ્યુલા અંગે ચર્ચા જાગી છે. જો આ ફોર્મ્યુલાનો અમલ કડક રીતે કરવામાં આવશે, તો સંગઠન અને સરકાર વચ્ચે સંતુલન જાળવવા માટે કેટલાક મંત્રીઓની કેન્દ્ર સરકારમાંથી છુટ્ટી થઈ શકે છે અથવા તેમની ભૂમિકા બદલાઈ શકે છે. આ સંભવિત ફેરબદલમાં સૌથી વધુ ચર્ચા કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયૂષ ગોયલની થઈ રહી છે. તેમને પક્ષના રાષ્ટ્રીય ખજાનચી(કોષાધ્યક્ષ)ની મહત્ત્વપૂર્ણ જવાબદારી સોંપાઈ છે. વન પર્સન, વન પોસ્ટની નીતિને કારણે તેઓ મંત્રીપદ ચાલુ રાખશે કે પૂર્ણપણે સંગઠનની કામગીરીમાં જોડાશે તે બાબતે સવાલો ઊભા થયા છે. જો તેઓ સંગઠનમાં પૂર્ણ સમય ફાળવશે, તો વાણિજ્ય મંત્રાલય અન્ય કોઈ નેતાને સોંપાઈ શકે છે.

બીજી તરફ, હર્ષ મલ્હોત્રા કેન્દ્રમાં માર્ગ વાહનવ્યવહાર અને કોર્પોરેટ બાબતોના રાજ્ય મંત્રી છે અને હવે તેમને દિલ્હી ભાજપ પ્રમુખ બનાવાયા છે. દિલ્હી જેવા મહત્ત્વના રાજકીય વિસ્તારનું પ્રમુખપદ અને મંત્રીપદ બંને એકસાથે સંભાળવું વ્યાવસાયિક રીતે મુશ્કેલ બની શકે છે. તે જ રીતે પંકજ ચૌધરીને ઉત્તર પ્રદેશ ભાજપના અધ્યક્ષ બનાવવામાં આવ્યા છે. આગામી યુપી વિધાનસભા ચૂંટણીની દૃષ્ટિએ તેમની ભૂમિકા અત્યંત મહત્ત્વની છે. જોકે, તેમની સામાજિક અને રાજકીય ઉપયોગિતાને કારણે પક્ષ તેમને મંત્રી પરિષદમાં યથાવત્ પણ રાખી શકે છે. કેબિનેટમાં ખાલી પડેલી ૧૨ જગ્યાઓ ભરવા માટે પ્રાદેશિક પ્રતિનિધિત્વ અને રાજકીય સમીકરણો ધ્યાનમાં લેવાય તેવી પૂરેપૂરી સંભાવના છે.

રાજ્યોનું પ્રતિનિધિત્વ: ઉત્તર પ્રદેશ, ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ, રાજસ્થાન, હિમાચલ પ્રદેશ અને કર્ણાટક જેવા રાજ્યોને કેબિનેટમાં વધુ પ્રતિનિધિત્વ આપવાની વિચારણા ચાલી રહી છે. સહયોગી પક્ષો: એનડીએ(**NDA**)ના સહયોગી પક્ષોને પણ નવા મંત્રીમંડળમાં સ્થાન મળી શકે છે. મહારાષ્ટ્રમાંથી એકનાથ શિંદે જૂથની શિવસેનાના નેતા શ્રીકાંત શિંદેનું નામ આ રેસમાં આગળ ચાલી રહ્યું છે, જે ભાજપ અને શિવસેનાના સંબંધોને વધુ મજબૂત કરવાનો સંકેત આપે છે.

નવા રાજ્યો પર ધ્યાન: પંજાબ જેવા રાજ્યમાં પણ બદલાતા રાજકીય સમીકરણોને આધારે નવા ચેહરાને તક મળવાની અટકળો છે.

૧૨ ખાલી પદોનો અર્થ એવો નથી કે માત્ર ૧૨ નવા ચેહરા જ સામેલ થશે. હાલમાં સરકારમાં કેટલાક એવા વરિષ્ઠ મંત્રીઓ છે જેઓ એક કરતાં વધુ મહત્ત્વના મંત્રાલયોનો કાર્યભાળ સંભાળી રહ્યા છે. આ ફેરબદલ દરમિયાન આ વધારાના વિભાગોની વહેંચણી અન્ય નેતાઓ વચ્ચે કરવામાં આવી શકે છે, જેથી વહીવટી કાર્યક્ષમતા વધારી શકાય અને વિવિધ ક્ષેત્રો તથા પ્રદેશો વચ્ચે સંતુલન જાળવી શકાય. કેબિનેટ વિસ્તાર સિવાય ભાજપના સર્વોચ્ચ નિર્ણય લેનારા સંસદીય બોર્ડમાં પણ મોટા ફેરફારોની શક્યતા વ્યક્ત કરાઈ રહી છે. ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ, મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ અને આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાના નામો ચર્ચામાં છે. જો આ નેતાઓને પાર્લામેન્ટરી બોર્ડમાં સ્થાન મળે છે, તો પક્ષની અંદર નવી પેઢીના નેતૃત્વની પકડ વધુ મજબૂત બનશે.

ભાજપના સંગઠનાત્મક ફેરફારો અને સંભવિત કેબિનેટ ફેરબદલને અલગ ઘટનાઓ તરીકે જોવામાં આવતા નથી, પરંતુ તે એક દૂરંદેશી રાજકીય રણનીતિનો ભાગ છે.



# તંત્રી લેખ......

## સુધારાની જરૂર છે, દૂર કરવાની નહીં

અનામત એક એવી વ્યવસ્થા છે જે ફક્ત તેની સાથે અસંમત લોકોને જ નહીં પરંતુ તેનો વિરોધ કરનારાઓને પણ આકર્ષે છે. જે લોકો સંમત થાય છે અને તેના દાયરામાં આવે છે તેમની પણ અનેક ફરિયાદો છે. એક ફરિયાદ એ છે કે સરકારો તેનો યોગ્ય રીતે અમલ કરી રહી નથી, અને તેથી જ અનામત પદો ખાલી રહે છે. તેઓ એવી પણ ફરિયાદ કરે છે કે અનામત શ્રેણીઓના ઉમેદવારોને "યોગ્ય ન મળ્યા" માપદંડોને કારણે બાજુ પર રાખવામાં આવે છે, આમ, લાયક ઉમેદવારોના અભાવે,એનએફએસ દ્વારા ભવિષ્યની ભરતીઓ માટે ઘણી જગ્યાઓ અનામત રાખવામાં આવે છે. આ જ કારણ છે કે સરકારી નોકરીઓમાં બેકલોગ વધતો રહે છે. અનામત શ્રેણીઓ એવી પણ ફરિયાદ કરે છે કે અનામતના અમલીકરણ પછી પણ, એસસી એસટી અને ઓબીસી શ્રેણીઓને સરકારી નોકરીઓમાં પૂરતું પ્રતિનિધિત્વ મળી રહ્યું નથી. અનામત શ્રેણીના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત અને ગરીબ વર્ગો ફરિયાદ કરે છે કે અનામતનો મહત્તમ લાભ એસસી એસટી અને ઓબીસી શ્રેણીઓમાં પ્રમાણમાં સમૃદ્ધ જાતિઓ મેળવી રહી છે. આ જ કારણ છે કે તેઓ અનામતની અંદર અનામતની માંગ કરી રહ્યા છે. ઓબીસી અનામતમાં પહેલાથી જ અનામતની અંદર અનામત અસ્તિત્વમાં છે. સુપ્રીમ કોર્ટના નિર્ણય બાદ, એસસી અને એસટી અનામતમાં પણ ક્વોટાની અંદર ક્વોટા આપી શકાય છે. જો કે, થોડા રાજ્યોને બાદ કરતાં, અન્ય રાજ્યો આ પછી પણ આગળ વધી રહ્યા નથી, કારણ કે અનામત લાભોથી વંચિત જાતિઓ તેની માંગ કરી રહી છે. કોઈ પણ નકારી શકે નહીં કે એસસી એસટી અને ઓબીસી શ્રેણીઓમાં ઘણી જાતિઓ છે જે અનામતનો લાભ મેળવી શકતી નથી. આમ છતાં, રાજ્ય સરકારો એસસી એસટી અનામત પ્રણાલીમાં ક્વોટા-વિથિન-ક્વોટા લાગુ કરવામાં અનિચ્છા ધરાવે છે. તેઓ એ વાતથી અજાણ હોઈ શકે છે કે અત્યંત પછાત વર્ગોમાં ઘણી જાતિઓ એસસી અથવા એસટી શ્રેણીમાં સમાવેશની માંગણી કરતી રહે છે કારણ કે તેઓ મ્ઝ અનામતનો લાભ મેળવી શકતા નથી. અનામત વર્ગીકરણ પછાત જાતિઓના હિતમાં છે, પરંતુ રાજકીય કારણોસર તેનો અમલ થઈ રહ્યો નથી. સામાન્ય શ્રેણીના ગરીબ વર્ગોમાં પણ અનામત પ્રત્યે અસંતોષ છે, જેઓ હાલમાં ૧૦ ટકા અનામતનો લાભ માણી રહ્યા છે. તેઓ પ્રશ્ન કરે છે કે તેમને એસસી એસટી અને ઓબીસીની જેમ ફી માફી અને મફત કોચિંગ કેમ આપવામાં આવતું નથી.ઓબીસી અનામતમાં ક્રીમી લેયર વિશે પણ ફરિયાદો છે. હાલમાં, ક્રીમી લેયર સિસ્ટમ ફક્ત ઓબીસી અનામતમાં જ અસ્તિત્વમાં છે. એસસી એસટી અનામતમાં પણ તેને લાગુ કરવાની માંગણીઓ થઈ રહી છે, પરંતુ તેનો વિરોધ થઈ રહ્યો છે. ઘણા જૂથો એવા પણ છે જે અનામત સાથે અસંમત છે. એક અનામત નાબૂદ કરવાની જરૂરિયાતની હિમાયત કરે છે, જ્યારે બીજો સુધારાની માંગ કરે છે. વર્તમાન પરિસ્થિતિઓમાં, અનામત નાબૂદ કરવાનો પ્રશ્ન જ નથી, અને તે હવે ન થવું જોઈએ. જોકે, અનામતના સમર્થકો અનામતથી કેટલી જાતિઓને ફાયદો થયો છે અને તેનાથી વંચિતોના સામાજિક ઉત્થાનમાં ફાળો મળ્યો છે અને તેમને મુખ્ય પ્રવાહમાં લાવ્યા છે કે નહીં તેનું મૂલ્યાંકન કરવાનો પણ વિરોધ કરે છે. સામાજિક ન્યાયની હિમાયત કરતા નેતાઓ દલીલ કરે છે કે અનામતની સમીક્ષાની માંગ કરવી એ વાસ્તવમાં તેને નાબૂદ કરવાનું કાવતરું છે. એકંદરે, અનામતના દાયરામાં રહેલા લોકો પણ તેના અમલીકરણની પદ્ધતિઓ સાથે અસંમત છે, અને અનામતના દાયરાની બહારના લોકો તેને અન્યાયી માને છે. આવા કેટલાક વ્યક્તિઓ, ખાસ કરીને યુવાનોએ દિલ્હીના જંતર-મંતર ખાતે વિરોધ પ્રદર્શન કર્યું. આનાથી અનામત અંગે નવી ચર્ચા શરૂ થઈ છે. જંતર-મંતર પર ભેગા થયેલા લોકો જાતિ-આધારિત અનામત નાબૂદ કરવાની માંગ કરી રહ્યા છે કે સુધારાની. કદાચ બંને હતા. કોઈ પણ સંજોગોમાં, આ મુદ્દા પર અનામત વર્ગો અને અનામતનો વિરોધ કરનારા બંનેને સંતોષવા અને મધ્યમ માર્ગ શોધવા માટે ઊંડાણપૂર્વક ચર્ચાની જરૂર છે. આમ કરવામાં નિષ્ફળતા જાતિ-આધારિત દુશ્મનાવટ વધારવાનું જોખમ ધરાવે છે. વિવિધ ડિજિટલ મીડિયા પ્લેટફોર્મ પર અનામતના કેટલાક સમર્થકો અને વિરોધીઓ વચ્ચે અપશબ્દોની આપ-લે એવી છાપ આપે છે કે બંને પક્ષો દુશ્મન છે. આ સામાજિક એકતા માટે સારો સંકેત નથી.

# પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક શ્રી રામાશ્રય પાંડેએ ભાવનગર મંડળમાં રેલવે હોસ્પિટલ, વર્કશોપ, મંડળ કચેરી તથા ભાવનગર ટર્મિનસ સ્ટેશનનું વિસ્તૃત સંરક્ષા અને યાત્રી સુવિધા નિરીક્ષણ કર્યું







પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક શ્રી રામાશ્રય પાંડેએ પોતાના ભાવનગર મંડળના પ્રવાસ દરમિયાન ૨૬ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ ભાવનગર મંડળના વિવિધ મહત્વપૂર્ણ પ્રતિષ્ઠાનો તથા સ્ટેશનોનું વિસ્તૃત સંરક્ષા અને યાત્રી સુવિધા નિરીક્ષણ કર્યું. આ પ્રસંગે ભાવનગર મંડળના મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્મા સહિત મંડળના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા.

ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ જણાવ્યું કે નિરીક્ષણ પ્રવાસ દરમિયાન મહાપ્રબંધકે સૌપ્રથમ ભાવનગર પરા સ્થિત મંડળ રેલવે હોસ્પિટલની મુલાકાત લીધી. તેમણે હોસ્પિટલમાં હાથ ધરાયેલા પુનર્વિકાસ કાર્યો તથા ઉપલબ્ધ તબીબી સુવિધાઓની વિસ્તૃત સમીક્ષા કરી. આ દરમિયાન તેમણે રેલવે કર્મચારીઓ માટે આરોગ્ય સુવિધાઓના વિસ્તરણના હેતુથી વિવિધ નવી સુવિધાઓનું ઉદ્ઘાટન કર્યું. તેમણે રિસેપ્શન, હોમિયોપેથી ઓપીડી તથા શિશુ વોર્ડ **(Paediatric Ward)**નું ઉદ્ઘાટન કર્યું. આ ઉપરાંત હોસ્પિટલમાં આધુનિક ફાયર ફાઈટિંગ સિસ્ટમને પણ વિધિવત કમિશન કરવામાં આવી.

આ સુવિધાઓ શરૂ થવાથી રેલવે કર્મચારીઓ તથા તેમના પરિવારજનોને વધુ સારી, સુરક્ષિત અને સુવિધાજનક આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરવામાં મહત્વપૂર્ણ મદદ મળશે. ત્યારબાદ મહાપ્રબંધકે મેડિકલ કોલોનીમાં નવનિર્મિત બાળ ઉદ્યાનનું ઉદ્ઘાટન કર્યું. મહાપ્રબંધકે ઉદ્ઘાટન માટે બાંધવામાં આવેલી રિબન ત્યાં ઉપસ્થિત બાળકો પાસે કપાવીને બાળ ઉદ્યાનનું ઉદ્ઘાટન કરાવ્યું. આ પ્રસંગે તેમણે મેડિકલ કોલોનીમાં રહેતા રેલવે કર્મચારીઓના પરિવારજનો સાથે મુલાકાત કરી અને રેલવે ક્વાર્ટર્સમાં રેલવે તરફથી ઉપલબ્ધ કરાવવામાં આવતી સુવિધાઓ અંગે માહિતી મેળવી. તેમણે મેડિકલ કોલોની પરિસરમાં વરિષ્ઠ અધિકારીઓ સાથે વૃક્ષારોપણ કરીને પર્યાવરણ સંરક્ષણ અને હરિત વિકાસનો સંદેશ આપ્યો.

ત્યારબાદ મહાપ્રબંધકે ભાવનગર મંડળ કચેરીનું નિરીક્ષણ કર્યું તથા મંડળના તમામ શાખાધિકારીઓ સાથે બેઠક યોજી. બેઠક દરમિયાન તેમણે મંડળની વર્તમાન કાર્યપ્રણાલી, ભવિષ્યની યોજનાઓ તથા વિવિધ વિભાગો દ્વારા હાથ ધરવામાં આવતા મહત્વપૂર્ણ કાર્યોની સમીક્ષા કરી અને જરૂરી સુધારાઓ અંગે દિશા-નિર્દેશ આપ્યા. મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માએ મહાપ્રબંધકને ભાવનગર મંડળમાં ચાલી રહેલી વિવિધ પરિયોજનાઓ તથા અમૃત સ્ટેશન યોજના અંતર્ગત પુનર્વિકાસ કરવામાં આવી રહેલા સ્ટેશનોની પ્રગતિ અંગે વિસ્તૃત માહિતી આપી. આ દરમિયાન તમામ શાખાધિકારીઓએ પોતાના-પોતાના વિભાગોમાં હાથ ધરવામાં આવેલા સુધારાત્મક તથા મહત્વપૂર્ણ કાર્યોની માહિતી રજૂ કરી.

આ પછી મહાપ્રબંધકે ભાવનગર પરા સ્થિત બ્રોડગેજ વર્કશોપનું નિરીક્ષણ કર્યું. તેમણે વર્કશોપમાં વ્હીલ શોપ, એલએચબી ઈલેક્ટ્રિકલ શોપ, રિહેબ શોપ, ન્યૂ ફાઈનલ શોપ વગેરેનું સંરક્ષાની દ્રષ્ટિએ વિસ્તૃત અને બારીકાઈપૂર્વક નિરીક્ષણ કર્યું. તેમણે વર્કશોપના અધિકારીઓ સાથે બેઠક યોજી અને ત્યાં કરવામાં આવી રહેલા વિવિધ કાર્યો તથા ઉત્તમ કાર્યપ્રણાલી અંગે વિસ્તૃત માહિતી મેળવી. તેમજ વર્કશોપની કાર્યક્ષમતા અને કાર્યોની પ્રગતિની સમીક્ષા કરી. આ પ્રસંગે મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્મા, અપર મંડળ રેલ પ્રબંધક શ્રી ઋત્વિક શર્મા, મુખ્ય કારખાના પ્રબંધક શ્રી રાકેશ કુમાર ખરાડી સહિત વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા.

મહાપ્રબંધકે ત્યારબાદ ભાવનગર ટર્મિનસ સ્ટેશનનું નિરીક્ષણ કર્યું. તેમણે સ્ટેશન યાર્ડ રિમોડલિંગ, નવનિર્માણાધીન પિટ લાઈન, સ્ટેશન પુનર્વિકાસ વગેરે કાર્યોની પ્રગતિની સમીક્ષા કરી અને સંબંધિત અધિકારીઓ પાસેથી વિસ્તૃત માહિતી મેળવી. તેમણે તમામ કાર્યો નિર્ધારિત ધોરણો અનુસાર વહેલી તકે પૂર્ણ કરવા અધિકારીઓને સૂચના આપી. તેમણે સ્ટેશન પર મુસાફરોને ઉપલબ્ધ કરાવવામાં આવતી વિવિધ યાત્રી સુવિધાઓનું પણ વિસ્તૃત નિરીક્ષણ કર્યું તથા મુસાફરોની સુવિધા અને વધુ સારી સેવા સુનિશ્ચિત કરવા માટે જરૂરી સુવિધાઓમાં વધુ વધારો કરવા સૂચના આપી. આ પ્રસંગે મહાપ્રબંધકે તમામ અધિકારીઓ અને કર્મચારીઓને સંરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપીને મુસાફરોને ઉત્તમ, સુરક્ષિત અને વિશ્વસનીય રેલ સેવાઓ પ્રદાન કરવા માટે સૂચના આપી.

પશ્ચિમ રેલવે મુસાફરોને સુરક્ષિત, આધુનિક, સ્વચ્છ, સુગમ અને વિશ્વસ્તરીય રેલ સેવાઓ ઉપલબ્ધ કરાવવા ઉપરાંત માલ પરિવહન સેવાઓને વધુ કાર્યક્ષમ, વિશ્વસનીય અને ગ્રાહકકેન્દ્રિત બનાવવા માટે સતત પ્રતિબદ્ધ છે. મહાપ્રબંધકનો આ એક દિવસીય નિરીક્ષણ પ્રવાસ ભાવનગર મંડળમાં સંરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા, સ્ટેશન સુવિધાઓના ઉન્નતીકરણ તથા યાત્રી સેવાઓની ગુણવત્તામાં સતત સુધારો કરવાની દિશામાં એક મહત્વપૂર્ણ પહેલ સાબિત થયો છે.

# છેલ્લા પાંચ વર્ષમાં અન્ન સુરક્ષા યોજના હેઠળ રાજ્યમાં ૨૫ લાખ પરિવારોના ૧.૧૪ કરોડથી વધુ લાભાર્થીઓને કરાયું વિનામૂલ્યે અનાજ વિતરણ

## જેમાં મુખ્યત્વે કુલ ૧૩૬ લાખ મે.ટન ઘઉં- ચોખા તેમજ ૦૩ લાખ મે. ટન બરછટ અનાજનો લાભ અપાયો

છેલ્લા પાંચ વર્ષમાં અન્ન સુરક્ષા યોજના હેઠળ રાજ્યમાં ૨૫ લાખ જરૂરિયાતમંદ કુટુંબોની ૧.૧૪ કરોડથી વધુ લાભાર્થી-જનસંખ્યાને વિનામૂલ્યે અનાજ વિતરણ કરવામાં આવ્યું છે.જેમાં મુખ્યત્વે કુલ ૧૩૬ લાખ મે.ટન ઘઉં અને ચોખા તેમજ ૦૩ લાખ મે.ટન બરછટ અનાજનો સમાવેશ થાય છે. આમ,મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં અન્ન સુરક્ષા વધુ સુનિશ્ચિત કરવા રાજ્ય સરકાર દ્વારા વિવિધ તહેવારોમાં તેમજ માસિક દરે કુટુંબ-પરિવારજનોને રાહત દરે તથા વિનામૂલ્યે ઘઉં, ચોખા, ખાંડ,તેલ, ચણા તેમજ બરછટ અનાજનો લાભ આપવામાં આવ્યો છે તેમ,અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી શ્રી રમણભાઈ સોલંકીએ જણાવ્યું હતું.

લાભાર્થી કુટુંબ અને લાભાર્થી જનસંખ્યાઃ

અન્ન સુરક્ષા યોજના હેઠળ વર્ષ ૨૦૨૨-૨૩માં ૩,૦૬,૦૨૬ કુટુંબોના ૧૪,૪૮,૯૪૩ નાગરિકોને લાભ પહોંચાડવામાં આવ્યો હતો. વર્ષ ૨૦૨૩-૨૪માં લાભાર્થી પરિવારોની સંખ્યા વધીને ૫,૬૩,૪૦૬ થઈ હતી, જેમાં ૨૫,૪૩,૧૦૧ જનસંખ્યાને સાંકળી લેવામાં આવી હતી. વર્ષ ૨૦૨૪-૨૫માં ૭,૪૯,૨૫૨ કુટુંબોના ૩૪,૫૩,૪૦૩ નાગરિકોએ લાભ લીધો હતો. જ્યારે વર્ષ ૨૦૨૫-૨૬માં રાજ્ય સરકાર દ્વારા ૯,૨૦,૬૧૦ કુટુંબોના કુલ ૩૯,૬૫,૩૨૫ નાગરિકોને અનાજનો લાભ આપવામાં આવ્યો છે.

અનાજ વિતરણનો જથ્થો અને ખર્ચ

છેલ્લા પાંચ વર્ષ દરમિયાન અનાજના વિતરણની વ્યવસ્થા જોઈએ તો, વર્ષ ૨૦૨૧-૨૨માં ૨૬.૯૧ લાખ મેટ્રિક ટન ઘઉં અને ૧૨.૫૭ લાખ મેટ્રિક ટન ચોખાનું વિતરણ કરાયું હતું. વર્ષ ૨૦૨૨-૨૩માં ૧૨.૬૬ લાખ મેટ્રિક ટન ઘઉં અને ૨૨.૭૦ લાખ મેટ્રિક ટન ચોખાનું વિતરણ થયું હતું.વર્ષ ૨૦૨૩-૨૪માં ૯.૨૦ લાખ મેટ્રિક ટન ઘઉં, ૧૧.૦૩ લાખ મેટ્રિક ટન ચોખા અને ૧.૨૮ લાખ મેટ્રિક ટન બરછટ અનાજનું વિતરણ કરવામાં આવ્યું હતું. જ્યારે વર્ષ ૨૦૨૪-૨૫માં ૧૦.૪૮ લાખ મેટ્રિક ટન ઘઉં, ૧૧.૩૫ લાખ મેટ્રિક ટન ચોખા અને ૦.૮૪ લાખ મેટ્રિક ટન બરછટ અનાજ અપાયું હતું. વધુમાં વર્ષ ૨૦૨૫-૨૬માં ૮.૭૬ લાખ મેટ્રિક ટન ઘઉં, ૧૦.૪૫ લાખ મેટ્રિક ટન ચોખા અને ૦.૮૮ લાખ મેટ્રિક ટન બરછટ અનાજનું વિતરણ કરવામાં આવ્યું છે.

રાજ્ય સરકાર દ્વારા અન્ન વિતરણ માટે વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન ઘઉં પાછળ રૂ. ૬૬૪૦.૦૪ લાખ અને ચોખા પાછળ રૂ. ૪૪૭૮.૦૬ લાખ મળીને કુલ રૂ. ૧૧,૧૧૮.૧૦ લાખનો ખર્ચ કરવામાં આવ્યો હતો. વર્ષ ૨૦૨૨-૨૩માં ઘઉં માટે રૂ. ૩૨૨૭.૯૨ લાખ અને ચોખા પાછળ રૂ. ૮૪૪૯.૮૫ લાખ મળીને કુલ રૂ. ૧૧,૬૭૭.૭૭ લાખનો ખર્ચ થયો હતો. વર્ષ ૨૦૨૩-૨૪માં ઘઉં માટે રૂ. ૨૪૭૮.૦૨ લાખ અને ચોખા માટે રૂ. ૪૨૮૩.૮૩ લાખ સાથે કુલ રૂ. ૬૭૬૧.૮૫ લાખ ખર્ચવામાં આવ્યા હતા. જ્યારે વર્ષ ૨૦૨૪-૨૫માં ઘઉં પાછળ રૂ. ૩૧૧૧.૪૧ લાખ અને ચોખા પાછળ રૂ. ૪૫૫૪.૫૩ લાખ મળીને કુલ રૂ ૭૬૬૫.૯૪ લાખનો ખર્ચ થયો હતો.જ્યારે વર્ષ ૨૦૨૫-૨૬માં ઘઉં પાછળ રૂ. ૨૬૦૦.૭૫ લાખ અને ચોખા પાછળ રૂ. ૪૪૦૦.૫૦ લાખ મળીને રાજ્ય સરકાર દ્વારા કુલ રૂ. ૭૦૦૧.૨૫ લાખનો ખર્ચ કરીને જરૂરિયાતમંદ સુધી સમયસર અને પારદર્શક રીતે અનાજ પહોંચાડવામાં આવ્યું છે તેમ,અન્ન અને નાગરિક પુરવઠા નિગમની યાદીમાં જણાવાયું છે.

- જનક દેસાઈ

# રાજુ સોલંકી મારપીટ કેસમાં ગણેશ જાડેજા સહિત તમામ ૧૧ આરોપીઓ નિર્દોષ જાહેર

(સંપૂર્ણ સમાચાર સેવા)જૂનાગઢ

જૂનાગઢના રાજકીય અને સામાજિક વર્તુળોમાં લાંબા સમયથી ભારે ચર્ચાસ્પદ બનેલા એક ચકચારી કેસમાં આજે ગણેશ જાડેજા માટે ખૂબ જ મોટા અને રાહતના સમાચાર સામે આવ્યા છે. રાજુ સોલંકીના પુત્રને માર મારવા તેમજ હુમલો કરવા અંગે નોંધાયેલા ગંભીર કેસમાં જૂનાગઢની ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટે ચુકાદો આપતાં ગણેશ જાડેજા સહિત તમામ ૧૧ આરોપીઓને આ કેસમાંથી સંપૂર્ણપણે નિર્દોષ જાહેર કરીને મુક્ત કર્યા છે. ભૂતકાળમાં જૂનાગઢના દાતાર રોડ પર રાજુ સોલંકીના પુત્ર દેવાંગ સોલંકી સાથે અથડામણ અને મારપીટનો બનાવ બન્યો હતો. આ ઘટનાને પગલે પોલીસે ગંભીર મારામારી, અપહરણ અને એટ્રોસિટી એક્ટ જેવી સખત કલમો હેઠળ ફરિયાદ નોંધીને કાનૂની કાર્યવાહી હાથ ધરી હતી. આ કેસમાં પોલીસે ગણેશ જાડેજા સહિત કુલ ૧૧ આરોપીઓની ધરપકડ કરી હતી, જે બાદ આ આખો મામલો અદાલતમાં પહોંચ્યો હતો.

આ ચકચારી કાનૂની વિવાદ લાંબા સમય સુધી ચાલી રહ્યા બાદ, બંને પક્ષોના વડીલો અને સામાજિક આગેવાનોની મધ્યસ્થીથી આંતરિક મતભેદો ઉકેલવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. બંને પક્ષો વચ્ચે થયેલી વિસ્તૃત સમજાવટના અંતે આ વિવાદનો સુખદ ઉકેલ આવ્યો હતો. ત્યારબાદ સમાધાનની તમામ શરતો અને સંમતિપત્રક અદાલત સમક્ષ વિધિવત રીતે રજૂ કરવામાં આવ્યા હતા. અદાલતમાં ચાલી રહેલી સુનાવણી દરમિયાન ફરિયાદી દેવાંગ સોલંકી સહિતના મુખ્ય સાક્ષીઓની જુબાની નોંધવામાં આવી હતી. સુનાવણી વખતે ફરિયાદી પક્ષ દ્વારા જ બંને પક્ષો વચ્ચે થયેલા સમાધાનની વિગતો કોર્ટ સમક્ષ મૂકવામાં આવી હતી. જૂનાગઢ ડિસ્ટ્રિક્ટ કોર્ટે તમામ કાનૂની પરિસ્થિતિઓ, રજૂ થયેલા પુરાવાઓ, સાક્ષીઓની જુબાનીઓ અને પરસ્પર સંમતિથી થયેલા સમાધાનને ગંભીરતાથી ધ્યાને લીધું હતું. કાનૂની પાસાઓની સંપૂર્ણ ચકાસણી કર્યા બાદ કોર્ટે ગણેશ જાડેજા સહિત તમામ ૧૧ આરોપીઓને તમામ આરોપોમાંથી દોષમુક્ત કરવાનો આદેશ આપ્યો હતો.

અદાલતના આ નિર્ણય બાદ ગણેશ જાડેજા અને તેમના સમર્થકોએ મોટી કાનૂની રાહત અનુભવી છે. આ સાથે જ જૂનાગઢમાં લાંબા સમયથી ચર્ચાના કેન્દ્રમાં રહેલા આ ચકચારી કાનૂની વિવાદનો આખરે સત્તાવાર અને સુખદ અંત આવ્યો છે.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.
ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો
બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

# ભાજપના આગેવાનની પુત્રવધુનો આપઘાતઃ સાસરીયાવાળા નાશ ન કરે એટલે આંતરવસ્ત્રોમાં સ્યુસાઈડ નોટ છુપાવી રાખી હતી




પ્રતિનિધિ,ગાંધીનગર

સુરતના કડોદરામાં ભાજપના વગદાર આગેવાન શશીસિંઘ ની પુત્રવધુ નિધિ રાજપૂતના આપઘાત કેસમાં હવે ચોંકાવનારી વિગતો બહાર આવી છે. કડોદરા-બારડોલી રોડ પર આવેલી શ્રી નિવાસ ગ્રીન સીટી સોસાયટીમાં રહેતી ૨૪ વરસની નિધિએ ગળે ફાંસો ખાઈને જીવન ટુંકાવી લીધુ હતું. લગ્નને હજુ માત્ર બે વરસ જ થયા હતા, પરંતુ આપઘાત બાદ બહાર આવેલી એક દોઢ પાનાની ચિઠ્ઠીએ સમગ્ર ઘટનાને નવો વળાંક આપ્યો છે. નિધિએ આ સ્યુસાઈડ નોટ પોતાના આંતરવસ્ત્રોમાં છુપાવી હતી, કારણ કે તેને ડર હતો કે જો ચિઠ્ઠી સીધી સાસરીયાઓના હાથમાં આવશે તો કદાચ તેનો નાશ કરી દેવાશે, તેના સાસુ શશીસિંઘ ભાજપમાં મજબુત પકકડ ધરાવતા પૂર્વ ઉપપ્રમુખ હોવાનુ જણાવવામાં આવે છે. આ કારણે નિધિએ પોતાના મૃત્યુ પાછળનુ કારણ બહાર આવે અને પુરાવો સુરક્ષિત રહે તે માટે આ ચિઠ્ઠી ખુબ જ ગુપ્ત રીતે છુપાવી હોવાનુ બહાર આવ્યુ છે. નિધિની લખેલી ચિઠ્ઠી હિન્દી અને અંગ્રેજીમાં હતી. તેમાં તેણે પતિ સૌરભ પ્રત્યેનો પોતાનો પ્રેમ અને સાથે જ તેની બેવફાઈથી મળેલી પીડા વ્યકત કરી હતી. સ્યુસાઈડ નોટ માં નિધિએ લખ્યુ હતુ કે તે સૌરભને ખુબ પ્રેમ કરે છે અને તેના વગર જીવી શકતી નથી, પરંતુ પતિના અન્ય મહિલા સાથેના સંબંધો હવે તે સહન કરી શકતી નથી, આ સંબંધોને કારણે તે સતત માનસિક રીતે પરેશાન રહેતી હોવાનો પણ ઉલ્લેખ ચિઠ્ઠીમાં કર્યો છે. છેલ્લી ક્ષણો પહેલા નિધિ સામાન્ય દેખાવાનો પ્રયાસ કરી રહી હતી. બનાવ સમયે પરીવારના બીજા સભ્યો ઘરની બહાર હતા, પતિ સૌરભ જીમ પર ગયા હતા, સસરા સંજયસિંઘ કંપનીમાં હતા. જયારે સાસુ શશીસિંઘ અને નણંદ શાકભાજી લેવા ગયા હતા. ઘરે એકલી રહેલી નિધિ તે સમયે પોતાના પાલતુ કુતરા સાથે રમી રહી હતી, થોડા સમય પછી નિધિએ સાસુને ફોન કર્યો હતો, ફોન પર તેણે કહ્યુ હતુ કે મને ગભરામણ જેવુ થાય છે, યોગ્ય નથી લાગતુ, તમે ઘરે આવી જાઓ, આ ફોન બાદ ઘરમાં શું થયુ તે અંગે હવે પોલીસ તપાસ કરી રહી છે. ઘરનો મેઈન ડોર લોક હતો, અંદરના રૂમનો લોક તુટેલો હોવાથી દરવાજા માત્ર હેન્ડલ થી આડો કરવામાં આવ્યો હતો, ત્યારબાદ નિધિએ રૂમમાં જઈને સાડી વડે સીલીંગ ફેન સાથે ગળે ફાંસો ખાઈ લીધો હતો. પરીવારજનો ઘરે પહોચ્યા ત્યારે નિધિ લટકતી હાલતમાં જોવા મળી હતી. ત્યારબાદ તેને હોસ્પિટલ લઈ જવાઈ હતી, જયાં ફરજ પરના તબીબોએ તેને મૃત જાહેર કરી હતી. પરંતુ પોસ્ટમોર્ટમ દરમિયાન આ કેસમાં સૌથી મહત્વની બાબત બહાર આવી, ડોકટરોને નિધિના આંતરવસ્ત્રોમાંથી દોઢ પાનાની સ્યુસાઈડ નોટ મળી આવી હતી. ચિઠ્ઠી મળતા પોલીસ પણ ચોકી ઉઠી હતી. નિધિએ આટલી સાવચેતીથી પુરાવો છુપાવ્યો હોવાનુ હવે તપાસમાં મહત્વનુ માનવામાં આવી રહ્યુ છે. સ્યુસાઈડ નોટ માં પતિના અન્ય મહિલા સાથેના સંબંધો અને તેના કારણે થતી માનસિક પીડા નો ઉલ્લેખ હોવાના આધારે પોલીસે તપાસ આગળ વધારી છે. કડોદરા જીઆઈડીસી પોલીસે સ્યુસાઈડ નોટ જપ્ત કરી છે અને પતિ સૌરભસિંહ વિરૂધ્ધ આપઘાતની દુષ્પ્રેરણાનો ગુન્હો દાખલ કરવા કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. નિધિએ મૃત્યુ પહેલા લખેલી આ ચિઠ્ઠી ખરેખર સમગ્ર ઘટનાની પાછળનુ કારણ શું હતુ તે જાણવા માટે સૌથી મહત્વનો પુરાવો બની શકે છે.

નવસર્જન સંસ્કૃતિ
નવસર્જન સંસ્કૃતિ
એક શુભેચ્છક

PRGI NO. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA
Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 8485951747,7096333307
Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

### કેબિનેટ વાહન વ્યવહાર મંત્રીની ઉદાસીનતાના કારણે પ્રજાના કામો ખોરંભે ચડયા

# રાજયકક્ષાના વાહન વ્યવહાર મંત્રી ની ફાઈલનો છેલ્લા બે-ત્રણ મહિનાથી કેબિનેટ વાહન વ્યવહાર મંત્રી દ્વારા નિર્ણય ન લેવા પાછળનુ કારણ શું?

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત સરકારના કેબિનેટ અને રાજય કક્ષાના મંત્રીઓ ના હુંસા તુંસી ને કારણે પ્રજાના કામો ખોરંભે ચડતા નારાજગી વર્તાઈ જવા પામી છે. હમણાં નજીકના દિવસોમાં જ એક રાજયકક્ષાના મંત્રીને બોલાવ્યા વગર કેબિનેટ મંત્રીએ વિભાગ સાથે બેઠક આટોપી લેવાની ચર્ચાઓ વચ્ચે નાયબ મુખ્યમંત્રી પાસે વાહન વ્યવહાર વિભાગનો હવાલો છે, ત્યારે એ જ વિભાગના રાજયકક્ષાના મંત્રીની ફાઈલનો



છેલ્લા બે-ત્રણ મહિનાથી નિર્ણય લેવામાં ન આવતા ચર્ચાનો વિષય બનવા પામેલ છે. આ અંગે રાજયકક્ષાના મંત્રીના કાર્યાલયે થી વારંવાર નાયબ મુખ્યમંત્રીના કાર્યાલયે વાહન વ્યવહાર વિભાગનો હવાલો સંભાળતા અધિકારીને ફોન ઉપર ફાઈલનો ઝડપી નિકાલ કરવા માટે વારંવાર કહેવા છતાં ફાઈલનો ઝડપી નિકાલ કરવામાં ન આવતા ચર્ચાનો વિષય બનવા પામેલ છે. રાજયકક્ષાના મંત્રી દ્વારા મોકલવામાં આવેલ ફાઈલમાં કેટલાક મંત્રીઓ, ધારાસભ્યોની આવેલ રજુઆતનો મંત્રી કક્ષાએથી નિર્ણય લઈ નાયબ મુખ્યમંત્રીના કાર્યાલયે છેલ્લા બે-ત્રણ મહિનાથી નિર્ણય લેવા માટે મોકલાવેલ હોવા છતાં ફાઈલ ઉપર નિર્ણય લેવામાં ન આવતા કયાંક બંને મંત્રીઓ વચ્ચે તાલ મેલ ન જળવાતો હોવાનુ ચર્ચાઈ રહ્યુ છે. લોકમુખે ચર્ચાયેલ મુજબ ભલે બંને મંત્રીઓ વચ્ચે તાલ મેલ ન હોય પરંતુ પ્રજાના કામો અટવાઈ પડે તે ભાજપને પોષાય તેમ નથી, નજીકના સમયગાળામાં વિધાનસભાની ચુંટણીઓ આવી રહી છે. જેથી વાહન વ્યવહાર વિભાગનો હવાલો સંભાળતા નાયબ મુખ્યમંત્રીના કાર્યાલયેથી તાકીદે ફાઈલનો નિર્ણય લેવાય તેવુ પ્રજા ઈચ્છી રહી છે.

## હિંમતનગરમાં ઈદે-મિલાદુન્નબીનુ નિકળેલુ ભવ્ય ઝુલુસઃ મરહબા યા મુસ્તુફા- મરહબા યા મુસ્તુફા અને સલાતો શરીફ સાથે સફેદ વસ્ત્રોથી સજજ મુસ્લિમ સમુદાયના લોકો ઝુલુસ માં જોડાયા







પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

વિશ્વને અમન શાંતિ અને ભાઈચારા ની ભાવનાનો સંદેશ આપનાર ઈસ્લામ ધર્મના સ્થાપક હઝરત મોહમદ પયંગમ્બર સાહેબ સ.અ.વ. ના વિલાદત પર્વ (જન્મદિવસ) ઈદે મિલાદુન્નબીની હિંમતનગર સહિત સમગ્ર જિલ્લામાં મુસ્લિમ સમુદાય દ્વારા ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે દાવતે ઈસ્લામિ અને મરહબા યંગ કમિટી દ્વારા શહેરમાં ઠેર ઠેર ઝુલુસ કાઢવામાં આવ્યુ હતું. જેમાં મુસ્લિમ સમુદાયના લોકો સફેદ વસ્ત્રોથી સજજ વિશાળ સંખ્યામાં ઝુલુસમાં ઉમટી પડયા હતા. શહેરની મસ્જીદો અને દરગાહોને રંગબેરંગી લાઈટોની રોશનીથી શણગારવામાં આવી હતી.

ઈસ્લામ ધર્મના મહાન પયંગમ્બર હઝરત મહોમદ સાહેબ (સ.અ.વ.) ના જન્મ દિવસ રબી ઉલ અવ્વલ નો દિવસ હોય તેની ઉજવણી સમગ્ર દુનિયાભરમાં થઈ હતી.

આજે હિંમતનગર શહેરના વ્હોરવાડ વિસ્તારમાંથી ઝુલુસ નિકળી મધરેસા હાઈસ્કુલ, પોલોગ્રાઉન્ડ, અલીફ મસ્જીદ રોડ, અલકાપુરી ચાર રસ્તા થઈ મુસ્તુફા મસ્જીદ, હાજીપુરા, કલેકટર કચેરી થઈ ન્યાય મંદિર થઈને હઝરત હસન શહિદ (ર.અ.) ની દરગાહ નજીક જુમા મસ્જીદ પાસે પૂર્ણાહુતિ થઈ હતી. આ ઝુલુસ માં ૧૦ થી ૧૨ વાહનો સાથે લાખો મુસ્લિમ સમુદાયના લોકો જોડાયા હતા.

ઝુલુસના માર્ગો ઉપર ઠેર ઠેર સેવાભાવી યુવાનોએ ન્યાજ (પ્રસાદી) આપતા જોવા મળ્યા હતા. જેમાં અલકાપુરી ચાર રસ્તા નજીક ગૌષુલ આઝમ યંગ કમિટીના હનીફભાઈ લુહાર સહિતની ટીમે ન્યાજ (પ્રસાદી) રૂપે ઠંડા પીણા આપી સેવાનો લાભ લીધો હતો. તો બીજી તરફ શહેરની વિવિધ મસ્જીદોમાં બાલ મુબારકને જીયારત કરાવવામાં આવી હતી. જેમાં કેટલાક મુસ્લિમ સમુદાયના પુરુષો અને મહિલાઓએ જીયારતનો લાભ લીધો હતો. જિલ્લા પોલીસવડા ડો. પાર્થરાજસિંહ ગોહિલના માર્ગદર્શન હેઠળ શહેરના એ-બી ડીવીજન અને ગ્રામ્ય પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

# એક કામગીરી પૂરી નથી થઈ ત્યાં જ શિક્ષકોની નવી જવાબદારીઃ હવે વિદ્યાર્થીઓનુ સ્ક્રીનીંગ કરાશે

### ધોરણ ૧૨ સુધીના તમામ વિદ્યાર્થીઓનુ સ્ક્રીનીંગ કરાશે : દિવ્યાંગતાની ઓળખ માટે આ પ્લેટફોર્મ તૈયાર કરાયું

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયના પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ વિભાગના શિક્ષકો સતત બિન શૈક્ષણિક અને વહિવટી કામગીરીના બોજ હેઠળ દબાતા હોવાની ફરીયાદો ઉઠી રહી છે. હજુ તો શિક્ષકો એક કામગીરી પૂર્ણ પણ કરી શકયા નથી ત્યાં જ શિક્ષણ વિભાગ દ્વારા તેઓને વધુ એક નવી જવાબદારી સોંપી દેવામાં આવી છે. શિક્ષણ પરીષદની સ્ટેટ પ્રોજેકટ ઓફીસ દ્વારા જારી કરાયેલી નવી સુચના મુજબ રાજયની તમામ શાળાઓમાં વિદ્યાર્થીઓનુ ખાસ મોબાઈલ એપ્લિકેશન દ્વારા સ્ક્રીનીંગ કરવામાં આવશે, ગુજરાત શાળા શિક્ષણ પરીષદ દ્વારા રાજયની શાળાઓ માટે એક અત્યંત મહત્વપૂર્ણ પરીપત્ર જારી કરવામાં આવ્યો છે. ભારત સરકારના શિક્ષણ મંત્રાલયના દિશા નિર્દેશો મુજબ દિવ્યાંગતા ધરાવતા બાળકોની સમયસર ઓળખ, જરૂરી શૈક્ષણિક સહાય, સહાયક સાધનો અને યોગ્ય આયોજન માટે PRASHAST 2.0 એપ્લિકેશન મારફતે સ્ક્રીનીંગ કામગીરી હાથ ધરવાનો નિર્ણય લેવાયો છે. આ નવી નોટીફિકેશન મુજબ શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ દરમિયાન રાજયની તમામ સરકારી, ગ્રાન્ટેડ તથા માન્ય ખાનગી શાળાઓમાં અભ્યાસ કરતા પ્રિ-પ્રાથમિક થી માંડીને ધોરણ ૧૨ સુધીના તમામ વિદ્યાર્થીઓનુ સ્ક્રીનીંગ



સુનિશ્ચિત કરવામાં આવશે. RPWD એકટ ૨૦૧૬ મુજબ ૩ થી ૧૮ વરસની વયજુથના બાળકોમાં દિવ્યાંગતાની ઓળખ માટે આ પ્લેટફોર્મ તૈયાર કરવામાં આવ્યુ છે. વર્તમાન સમયમાં UDISE ના નોંધાયેલા કુલ વિદ્યાર્થીઓમાં માત્ર ૦.૮૯ ટકા વિશેષ જરૂરીયાત ધરાવતા બાળકો નોંધાયેલા છે. જયારે વાસ્તવમાં આ વયજુથમાં દિવ્યાંગતાનો દર ૧.૧ થી ૨.૦ ટકા વચ્ચે રહેલો છે. આ તફાવતને દુર કરવા અને દરેક બાળકને યોગ્ય શૈક્ષણિક વાતાવરણ આપવા માટે આ કવાયત શરૂ કરવામાં આવી છે. PRASHAST 2.0 એપ ને UDISE તેમજ UDID અને RBSK પોર્ટલ સાથે સાંકળવામાં આવી છે. જેથી મેન્યુઅલ ડેટાએન્ટ્રીની જરૂરીયાત ઘટે અને શિક્ષકોના કાર્યભારમાં ઘટાડો થાય. તમામ શાળાઓએ નવા દાખલ થયેલા બાળકો સહિત તમામ વિદ્યાર્થીઓની માહિતી UDISE માં તુરંત અપડેટ કરવાની રહેશે. સ્ક્રીનીંગ શરૂ કરતા પહેલા તમામ શિક્ષકોએ PRASHAST ના વિડીયો ટયુટોરીયલ જોઈને જરૂરી તાલીમ મેળવવાની રહેશે. શાળા, શિક્ષક અને વિદ્યાર્થીઓની ડેટા ચકાસણી શાળાના આચાર્ય દ્વારા કરવાની રહેશે, રાજય, જિલ્લા અને બ્લોક કક્ષાના નોડલ અધિકારીઓ ડેશબોર્ડ મારફતે સતત દેખરેખ રાખશે અને જરૂર પડે શિક્ષકોને માર્ગદર્શન પુરૂ પાડશે. પાર્ટ-૨ સ્ક્રીનીંગ અને આઈઈપી તૈયાર કરવા માટે વિશેષ શિક્ષકોને જરૂરી સહયોગ આપવાનો રહેશે. રાષ્ટ્રીય શિક્ષણનીતી ૨૦૨૦ ના સમાવિષ્ટ શિક્ષણ પ્રણાલીના ધ્યેય ને સાકાર કરવા તેમજ ૨૦૩૦ સુધીમાં માધ્યમિક સ્તરે ૧૦૦ ટકા જીઈઆર પ્રાપ્ત કરવાના લક્ષાંક તરફ આ એક મહત્વપૂર્ણ પગલુ સાબિત થશે.

# ગુજરાતમાં વિધાનસભાની ચુંટણીઓ અગાઉ ભાજપ, સંઘની સરકાર સાથેની બે દિવસીય સમન્વય બેઠક

### દિલ્હીમાં જેન-ઝી ના સફળ આંદોલન બાદ રાજયમાં બેઠકનો ધમધમાટ શરૂ : વિવિધ મુદ્દે ચર્ચાઓ થશે

પ્રતિનિધિ,ગાંધીનગર

દિલ્હીમાં જેન-ઝી ના આંદોલનની સફળતા અને ત્યારબાદ સર્જાયેલી સ્થિતિના કારણે ગુજરાતમાં સરકાર અને સંગઠનની કામગીરી ઉપર સંભવિત અસર તેમજ આગામી વિધાનસભા ચુંટણીઓની તૈયારીઓની સમીક્ષા માટે આજે બુધવાર થી ગુજરાત સરકાર, ભાજપ સંગઠન અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ ની બે દિવસની બેઠકનો પ્રારંભ થયો છે.



આ બેઠકમાં ભાજપ સંગઠનના પ્રદેશ નેતાઓ અને સરકારના મંત્રીઓ કનુ દેસાઈ, ઋષીકેશ પટેલ, કુંવરજીભાઈ બાવળીયા, જીતુ વાઘાણી, રમણભાઈ સોલંકી, હર્ષ સંઘવી સહિતના મંત્રીઓ અને આરએસએસ તેમજ ભગીની સંસ્થાઓના હોદ્દેદારો પણ ઉપસ્થિત રહ્યા હતા. બે દિવસ માં કુલ ૬ સેશનમાં બેઠક યોજાશે અને વિવિધ મુદ્દા પર મનોમંથન કરવામાં આવશે, અમદાવાદ માં આજે તારીખ ૨૬ ને બુધવાર થી રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ એટલે કે આરએસએસ ની મહત્વપૂર્ણ બે દિવસીય સમન્વય બેઠક શરૂ થઈ છે. મણીનગર વિસ્તારમાં આવેલા હેગડેવાર ભવન ખાતે યોજાયેલી આ બેઠકમાં આરએસએસ તેની વિવિધ ભગીની સંસ્થાઓ, રાજય સરકાર અને ભાજપના આગેવાનો એકસાથે જોડાશે, વર્ષમાં માત્ર એક જ વખત યોજાતી આ બેઠકને સંગઠનાત્મક અને રાજકીય દ્રષ્ટીએ મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. બેઠકમાં આરએસએસ ના સહ સરકાર્યવાહ અરૂણકુમાર ઉપસ્થિત રહ્યા હતા. તેમની હાજરીમાં સંઘ અને વિવિધ ભગીની સંસ્થાઓના અગ્રણી આગેવાનો વચ્ચે વિવિધ મુદ્દાઓ પર ચર્ચા અને સંકલન કરવામાં આવશે.

આ બેઠકમાં રાજય સરકારના વિવિધ ૬ વિભાગોના મંત્રીઓ પણ બેઠકમાં હાજરી આપશે, જેના કારણે સરકાર અને સંઘ સાથે સંકળાયેલી સંસ્થાઓ વચ્ચેના પ્રશ્નો અને મુદ્દાઓ પર સીધી ચર્ચા થવાની શકયતા છે. આ બેઠકમાં સરકાર, સંઘ અને વિવિધ ભગીની સંસ્થાઓ વચ્ચે વધુ મજબુત સંકલન સ્થાપિત કરવા પર ભાર મુકવામાં આવશે. ભગીની સંસ્થાઓને સરકાર સાથે જોડાયેલા વિવિધ પ્રશ્નો, માંગણીઓ અને મુદ્દાઓ રજુ કરવાની પણ તક મળશે. સંબંધિત વિભાગોના મંત્રીઓ સાથે સીધા સંવાદ દ્વારા વિવિધ મુદ્દાઓના ઉકેલ અંગે ચર્ચા કરવામાં આવશે. ભાજપ પ્રદેશ પ્રમુખ વિશ્વકર્મા પણ આ મહત્વપૂર્ણ બેઠકમાં હાજર રહેવાના છે. આરએસએસે તેની વિવિધ સંસ્થાઓના અગ્રણી, રાજય સરકારના મંત્રીઓ તેમજ ભાજપના નેતાઓ એક મંચ પર આવતા આગામી સમયની સંગઠનાત્મક અને સંકલનાત્મક દિશા અંગે પણ ચર્ચા થવાની શકયતા છે.

### ખાદ્ય સુરક્ષા અને સ્વચ્છતા ધોરણોનું પાલન કરવામાં નિષ્ફળ જવા બદલ લગભગ રૂ.૪૦ લાખનો દંડ

## અમદાવાદ મંડળના DRM વેદ પ્રકાશની 'ઝીરો ટૉલરન્સ' નીતિ હેઠળ રેલવે ફૂડ વિજિલન્સ ફોર્સ (RFVF) નું ઓચિંતુ નિરીક્ષણ

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળમાં યાત્રીઓને શુદ્ધ, સ્વચ્છ અને ઉચ્ચ ગુણવત્તાયુક્ત ભોજન ઉપલબ્ધ કરાવવાના હેતુથી 'ઝીરો ટૉલરન્સ' નીતિ પર કડક અમલ કરવામાં આવી રહ્યો છે. મંડળ રેલ પ્રબંધક (DRM) શ્રી વેદ પ્રકાશ દ્વારા રચિત વિશેષ ટીમ રેલવે ફૂડ વિજિલન્સ ટીમના રેલવે અધિકારીઓની ટીમ દ્વારા ખોરાકનો પુરવઠો પૂરો પાડતા ૧૫ સ્થળો પર બેઝ કિચન અને કેટરિંગ સંસ્થાઓની એકસાથે ઊંડાણપૂર્વક ઓચિંતી તપાસ કરવામાં આવી. નિરીક્ષણ દરમિયાન ખાદ્ય સુરક્ષા, સાફ-સફાઈ, સ્વચ્છતા અને ધોરણોમાં બેકાળજી દાખવવા બદલ કડક કાર્યવાહી કરવામાં આવી. રેલવે વહીવટીતંત્રે આ અંગે કડક પગલાં લેતા દોષિત સેવા પ્રદાતાઓને ભારે દંડ કર્યો છે અને એક યુનિટને તો બંધ પણ કરાવવામાં આવ્યું.



નિરીક્ષણ દરમિયાન મળી આવેલી અનિયમિતતાઓ અને કરવામાં આવેલી કાર્યવાહીની વિગતો નીચે મુજબ છેઃ

- ડબ્બા બજાર સરસપુર, અમદાવાદના બેઝ કિચનમાં ખુલ્લા અને સીલ વગરના મસાલા, ખરાબ શાકભાજી, ખરાબ ફીઝરનો ઉપયોગ, FIFO સિસ્ટમનું પાલન ન કરવું, અત્યંત અસ્વચ્છ કિચન, યોગ્ય યુનિફોર્મ અને સુરક્ષા ઉપકરણોનો અભાવ, ખાદ્ય સામગ્રી ખુલ્લામાં રાખવી તેમજ જરૂરી રેકોર્ડની જાળવણી ન કરવી જેવી ખામીઓ મળી આવી. આના પર રૂ.૫ લાખનો દંડ કરવામાં આવ્યો અને યુનિટને સ્થળ પર જ બંધ કરી દેવામાં આવ્યું.
- ધર્મ નગર, સાબરમતી, અમદાવાદ બેઝ કિચનમાં ખરાબ ફ્લાયકેચર, સડેલા બટાકા, વોશિંગ લિક્વિડનો અભાવ અને ક્ષતિગ્રસ્ત ગટરની જાળી જેવી ખામીઓ મળી આવી અને રૂ.૫ લાખનો દંડ કરવામાં આવ્યો.
- સરસપુર, અમદાવાદ બેઝ કિચનના મામલામાં બેઝ કિચનનો ઉપયોગ ન કરવા અને અન્ય સ્થળેથી ખોરાકની આપૂર્તિ કરવાની સ્થિતિ મળી આવી, જેના પર રૂ.૫ લાખનો દંડ કરવામાં આવ્યો.
- વિષ્ણુ એસ્ટેટ, ગુજરાત યુનિવર્સિટી પાસે, અમદાવાદ બેઝ કિચનમાં સડેલા બટાકા, FIFO સિસ્ટમનું પાલન ન કરવું, બેઝ કિચનમાં માખીઓની હાજરી, અસંતોષકારક સ્વચ્છતા, યોગ્ય એક્ઝોસ્ટ ડકટનો અભાવ, કાચીપાકી રોટલીઓ, ખુલ્લા અને સીલ વગરના મસાલા તેમજ રસોઈના તાપમાનનો રેકોર્ડ ન રાખવા જેવી ખામીઓ મળી આવી. આના પર રૂ.૫ લાખનો દંડ કરવામાં આવ્યો.
- વોરા ના રોઝા, સરસપુર, અમદાવાદના બેઝ કિચનમાં મંજૂર થયેલ વેન્ડર લિસ્ટ અને FIFO સિસ્ટમનો અભાવ, યોગ્ય વેન્ટિલેશનનો અભાવ, અસંતોષકારક સ્વચ્છતા અને એક્સપાયરી ડેટ વિતી ગયેલી ઘણી ખાદ્ય સામગ્રી સ્ટોકમાં લેવાયેલી જોવા મળી. આ ખામીઓને ધ્યાનમાં રાખીને રૂ.૧૦ લાખનો દંડ કરવામાં આવ્યો.
- આ ઉપરાંત સપના નગર કોલોની, ગાંધીધામ અને રામબાગ રોડ, આદિપુર, ગાંધીધામ પર બેઝ કિચન બંધ જોવા મળવાને કારણે અનુક્રમે રૂ.૧ લાખનો દંડ કરવામાં આવ્યો.
- માલગોડાઉન રોડ, મહેસાણા બેઝ કિચનના નિરીક્ષણમાં ગેસ સિલિન્ડર ઉપલબ્ધ ન હોવા અને નિર્ધારિત બેઝ કિચનના બદલે અન્ય જગ્યાએથી તૈયાર ખોરાક લેવા બદલ રૂ.૧ લાખનો દંડ કરવામાં આવ્યો.
- પાલનપુરના બેઝ કિચનમાં સાફ-સફાઈ અને સ્વચ્છતાનો અભાવ, કાચા અને રાંધેલા ખોરાકને અલગ ન રાખવો, દૂષિત શાકભાજી, ફૂડ હેન્ડલર્સ દ્વારા યોગ્ય એપ્રોન અને હેડ કવરનો ઉપયોગ ન કરવો, હાથ ધોવાની અપૂરતી સુવિધાઓ, ખુલ્લા વિસ્તારમાં લાકડાના બળતણથી રસોઈ બનાવવી, યોગ્ય કવરવાળી કચરાપેટીનો અભાવ અને જરૂરી ખરીદી, FIFO/FEFO, તાપમાન અને પેસ્ટ-કંટ્રોલ રેકોર્ડ્સની જાળવણી ન કરવી જેવી ખામીઓ મળી આવી. આના પર રૂ.૧ લાખનો દંડ કરવામાં આવ્યો.
- વિરમગામ ખાતે આવેલ રિફ્રેશમેન્ટ રૂમના નિરીક્ષણમાં પ્લેટફોર્મ વિસ્તારમાં અતિક્રમણ, કિચનમાં ખરાબ સ્વચ્છતા, વંદા અને માખીઓની હાજરી, ગંદા કપડાથી ઢાંકેલા કાચા વડાં, અનધિકૃત PDW અને અનધિકૃત વેન્ડરની હાજરી તથા કર્મચારીઓ દ્વારા યુનિફોર્મ ન પહેરવા જેવી ખામીઓ સામે આવી. જેના પર રૂ.૫૦,૦૦૦નો દંડ કરવામાં આવ્યો. બાકીના તમામ સ્થળોએ બેઝ કિચન અને રસોઈની વ્યવસ્થા સારી હતી.

અમદાવાદ મંડળ દ્વારા તમામ બેઝ કિચન અને ખાદ્ય સેવા પ્રદાતાઓને વ્યક્તિગત સ્વચ્છતા, સ્વચ્છ અને સુરક્ષિત રસોઈની તૈયારી, યોગ્ય સંગ્રહ, નિયમિત સફાઈ, કચરાનો નિકાલ, ગટર અને પેસ્ટ-કંટ્રોલ તેમજ તમામ જરૂરી રેકોર્ડ્સની નિયમિત જાળવણી માટે સૂચનાઓ આપવામાં આવી છે.

ભારતીય રેલવેની યાત્રીઓને ગુણવત્તાયુક્ત અને સુરક્ષિત ભોજન પૂરું પાડવું એ સર્વોચ્ચ પ્રાથમિકતા છે. ખાદ્ય સુરક્ષા અને સ્વચ્છતાના ધોરણોમાં કોઈપણ પ્રકારની નિષ્કાળજીને ગંભીરતાથી લેતા ઝીરો ટોલરન્સ નીતિ હેઠળ ભવિષ્યમાં પણ ઓચિંતુ ચેકિંગ અને જરૂરી કાર્યવાહી ચાલુ રહેશે.

## ખાંડ, ડુંગળી બાદ હવે ડ્રાયફુટ અને મીઠાઈમાં ભાવવધારોઃ કાજુ કતરી ૮૦૦ થી સીધી ૧૨૦૦ રૂપીયા સુધી પહોચી

પ્રતિનિધિ,ગાંધીનગર

તહેવારોની સીઝન શરૂ થતાની સાથે જ ખાંડ, ડુંગળી બાદ હવે મીઠાઈ પ્રેમીઓ માટે મીઠાશ મોંઘી બનવા લાગી છે. પહેલા ખાંડના ભાવમાં ભારે ઉછાળો આવતા મીઠાઈ ઉત્પાદકોના ખર્ચમાં વધારો થયો હતો અને હવે ડ્રાયફુટના ભાવ પણ વધતા વેપારીઓ પર જાણે પડતા પર પાટુ પડયુ છે.




હાલ ખાંડ, કાજુ, બદામ, પિસ્તા સહિતની મીઠાઈ બનાવવામાં વપરાતી મુખ્ય ચીજવસ્તુઓ મોંઘી થતા આગામી દિવસોમાં મીઠાઈના ભાવ પ્રતિકિલો ૧૦૦ થી ૨૦૦ સુધી વધી શકે તેવી સ્થિતિ સર્જાઈ છે. જો કે રક્ષાબંધનના તહેવારને ધ્યાનમાં રાખીને વડોદરાના મીઠાઈ વેપારીઓએ તાત્કાલીક મોટા ભાવવધારાથી દુર રહેવાનો નિર્ણય કર્યો હોવાનુ વેપારીઓ જણાવી રહ્યા છે. ખાંડના વધેલા ભાવ થી વેપારીઓ પહેલેથી જ પરેશાન હતા, ત્યાં હવે ડ્રાયફુટના ભાવમાં પણ વધારો થતા તહેવારી સીઝન પહેલા ખર્ચનુ ગણિત ખોરવાઈ ગયુ છે. તાજેતરના બજાર અહેવાલો મુજબ બદામ, પિસ્તા અને કાજુના ભાવમાં વિવિધ બજારોમાં છેલ્લા ૧૫ દિવસમાં ૧૦૦ થી ૩૦૦ પ્રતિકિલો સુધીનો વધારો નોંધાયો છે. ઓછી આવક, આંતરરાષ્ટ્રીય સપ્લાય પર અસર અને વધેલા પરીવહન ખર્ચ સાથે તહેવારો અગાઉની વધતી માંગે ભાવ પર દબાણ વધાર્યુ છે. વેપારીઓના જણાવ્યા પ્રમાણે કાજુ કતરી જેવી લોકપ્રિય મીઠાઈ પર સૌથી વધુ અસર પડી રહી છે, અગાઉ આશરે ૮૦૦ પ્રતિ કિલોના ભાવે મળતી કાજુ કતરીના ભાવ કેટલાક સ્થળોએ ૧૨૦૦ પ્રતિ કિલો સુધી પહોચી ગયા હોવાનુ વેપારીઓ જણાવી રહ્યા છે. માવો, કાજુ, બદામ અને અન્ય ડ્રાયફુટના ભાવમાં સતત વધારો થતો રહેશે તો ગણેશોત્સવ થી લઈને દિવાળી સુધી મીઠાઈના ભાવમાં વધુ વધારો કરવો અનિવાર્ય બની શકે છે. મીઠાઈ વેપારીઓ સામે હાલ સૌથી મોટો સવાલ એ છે કે વધેલા કાચા માલનો ખર્ચ ગ્રાહકો સુધી પહોચાડવો કે પછી પોતાનુ માર્જીન ઘટાડીને જુના ભાવ જાળવી રાખવા, વેપારીઓને આશંકા છે કે મીઠાઈના ભાવમાં મોટો વધારો થશે તો ગ્રાહકોની ખરીદ શકિત પર અસર પડશે અને તહેવારો દરમિયાન વેચાણ ઘટી શકે છે. વેપારીઓમાં એવી પણ ચિંતા વ્યકત થઈ રહી છે કે ગણેશચતુર્થી થી દિવાળી સુધીની મુખ્ય તહેવારી સીઝનમાં વેચાણમાં મોટો ઘટાડો થઈ શકે છે. ગુજરાત મીઠાઈ વેપારી એસોસીએશનના ઉપપ્રમુખ રાધેશ્યામ શાહે સરકારને ખાંડના ભાવ નિયંત્રણ માટે વધુ અસરકારક હસ્તક્ષેપ કરવાની માંગ કરી છે. તેમણે ખાંડની નિકાસ અને ઈથેનોલ માટેના ઉપયોગના મુદ્દે પણ સરકારને નીતી પર પુનઃ વિચાર કરવાની અપીલ કરી છે. હાલ ડ્રાયફુટના ભાવ વધતા જે કાજુ કતરી ૮૦૦ રૂપીયે કિલો હતી તેના ભાવ ૧૨૦૦ થયા છે અને માવાની મીઠાઈ પર ભાવ ૧૦૦ સુધી વધ્યા છે. તેમણે કહ્યુ હતુ કે રક્ષાબંધનનો મોટો તહેવાર છે. મીઠાઈ તેમાં અવશ્ય હોય પણ ખાંડના ભાવમાં અતિશય વધારો થયો છે. જેથી મીઠાઈના ભાવ વધારવાનો સમય આવી ગયો છે. ખાડી યુધ્ધના કારણે ડ્રાયફુટ મોંઘુ થયુ છે, ઘણી આઈટમોમાં ૪૦ ટકા ભાવવધારો થયો છે, તેથી ડ્રાયફુટની મીઠાઈમાં ૪૦ ટકા ભાવવધારો થયો છે. માવાની મીઠાઈમાં પણ ભાવ વધ્યો છે. કાજુ કતરીની ખુબ ડીમાન્ડ છે પણ તેમાં ૩૦ થી ૪૦ ટકા ભાવ વધ્યો છે. તે કાજુ કતરી ૭૫૦ રૂપીયા હતી તે ૧ હજારનો ભાવ થયો છે. ઘણી જગ્યાએ ૧૨૦૦ રૂપીયાનો ભાવ છે. માવાની મીઠાઈ ૩૦૦ થી ૪૦૦ રૂપીયા હતી તે ૬૦૦ રૂપીયા થઈ ગઈ છે.

**પશ્ચિમ રેલવે**
**અમદાવાદ ડિવિઝન**

**RUBની જોગવાઈ દ્વારા LC નાબુદ કરવાના સંબંધમાં OHE ફેરફાર કામ**

ઈ-ટેન્ડર નોટીસ નં. Sr.DEE/TRD/ADI/31 (2026-27) તારીખઃ 25.08.2026
ટેન્ડર નં. TRD-ADI-T-24R-2026-27

**કામનું નામઃ** પાલનપુર-સામાખિયાળી સેક્શનમાં કવર્ડ એપ્રોચવાળા રોડ અન્ડર બ્રિજની જોગવાઈ દ્વારા LC નાબુદ કરવાના સંબંધમાં OHE ફેરફાર કરવાનું કામ. **અંદાજીત પડતરઃ** ₹ ૬૯,૮૪,૨૪૬/- **અર્નેસ્ટ મનીઃ** ₹ ૧,૩૯,૭૦૦/- **ટેન્ડર જમા કરવાની અને ખુલવાની તારીખ અને સમયઃ તા.૨૨-૦૯-૨૦૨૬** ના ૧૫:૦૦ કલાકે તે પછી નહિં અને **તા.૨૨-૦૯-૨૦૨૬** ના ૧૫:૩૦ કલાકે ટેન્ડર ખોલાશે. **ઓફીસનું સરનામું:** સિની. ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જીનીયર, ડી.આર.એમ. ઓફીસ (પ.રે.), ચામુંડા બ્રિજ પાસે, જી.સી.એસ. હોસ્પિટલની સામે, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ-૩૮૨૩૪૫. **વેબસાઈટ વિગતઃ** www.ireps.gov.in ADI-147

અમને લાઈક કરો: facebook.com/WesternRly

# ભાવનગર ના લઠ્ઠાકાંડના આરોપીઓના મકાનો પર દાદાનું બુલડોઝર ક્યારે ફરશે?

(નીડર,નિષ્પક્ષ, તટસ્થ છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

ગાંધીના ગુજરાતમાં દારૂબંધી હવે માત્ર નામ પૂરતી જ રહી ગઈ છે. કારણ કે ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં અનેક રાજ્યો કરતાં સૌથી વધુ માલ ગુજરાત ખાતે ઉતરે છે. અને એમાંય ખાસ કરીને સુરતનો દારૂના વેચાણ માં ગુજરાત માં પ્રથમ ક્રમે ગણાય છે. જ્યાં મધ્યપ્રદેશ, રાજસ્થાન, ગોવા, હરિયાણા અને કેન્દ્રશાસિત પ્રદેશ દીવ દમણ ના બુટલેગરો દ્વારા આખા ગુજરાત માં માલ સપ્લાય કરાય છે. જેમાં સૌથી વધુ દેશી-વિદેશી દારૂ સુરત ખાતે ઉતરે છે.

જ્યાં જોવાની ખૂબીએ છે કે ગુજરાત ના નાયબ મુખ્ય મંત્રી જ્યારે સુરતના જ હોય અને સુરત ખાતે જ સૌથી વધુ દારૂનું વેચાણ થતું હોય એનાથી મોટી શરમજનક બાબત નાયબ મુખ્યમંત્રી માટે શું હોઈ શકે? અહીં સવાલ એ પણ થાય છે કે શું સુરત ખાતે આટલો દારૂ વેચાતો હોય અને એ બુટલેગરો ની માહિતી નાયબ મુખ્યમંત્રી કે જેઓ ગૃહમંત્રીની જવાબદારી પણ સંભાળે છે એમને ના હોય એ બની શકે ખરું?

ઉપરાંત જે પરપ્રાંતીય રાજ્યોમાંથી જે જે લિસ્ટેડ બુટલેગરો ગુજરાત ખાતે માલ સપ્લાય કરી તગડી રકમ કમાતા હોય એવા બુટલેગરોની સંપૂર્ણ માહિતી જે તે રાજ્યોના ગૃહખાતા સહિત પોલીસના ઉચ્ચ અધિકારીઓ પાસે પણ હોતા જ હોય છે. ત્યારે આ દારૂના દૂષણ ને જો ખરેખર અંકુશ માં લેવું હોય તો ગુજરાત અને બુટલેગરો જ્યાંથી માલ સપ્લાય કરે છે એ રાજ્યોની પોલીસે સંયુક્ત ઓપરેશન હાથ ધરવું જરૂરી છે. એટલું જ નહીં અલગ-અલગ રાજ્યો ના બુટલેગરો ના ઘરો પર પણ બુલડોઝરો ચલાવવા જોઈએ. કારણ કે ગુજરાતમાંથી કાળી કમાણી કરીને કરોડો રૂપિયા કમાતા આ પરપ્રાંતીય બુટલેગરો જ્યારે કરોડોની મિલકતો ઊભી કરી ધાગડધિન્ના કરતા હોય ત્યારે એમને પણ સબક શિખવાડવો જોઈએ. આ બુટલેગરોના પાપે ગુજરાતમાં કેટલાય લોકો મોતના મુખમાં ધકેલાયાના બનાવો ભૂતકાળમાં બનેલા છે. જેમાં સુરતના કડોદરા, પલસાણા અને મધ્ય ગુજરાતના વડોદરા, અમદાવાદ ખાતે ભૂતકાળમાં લઠ્ઠાકાંડનો બનાવ બનેલ છે તેમાં કેટલાક લોકોનો મોત થયા છે અને તાજેતરમાં સૌરાષ્ટ્રના ભાવનગર ખાતે લઠ્ઠાકાંડ નો જે બનાવ બન્યો તેમાં ૧૩ લોકો ના મૃત્યુ થતા કેટલાય બાળકો અનાથ થયા, કેટલાય પરિવારોએ પોતાનો વહાલસોયો દિકરો, તો કોઈએ ભાઈ,કોઈએ પિતા ,કેટલીય બહેનોએ વિધવા થવાનો વારો આવ્યો છે. એના માટે જવાબદાર કોણ? આનો જવાબ છે સરકાર પાસે?

જો ખરેખર સરકારે પ્રામાણિકતા પૂર્વક કામગીરી કરવી જ હોય તો સ્થાનિક પોલીસની સાથે પોલિસ કમિશ્નર, ડીજીપી, અને ગ્રામ્ય વિસ્તાર ના DSP એ આવા બુટલેગરો કે જેમની પર ભૂતકાળ માં કે વર્તમાન માં કેસો થયેલા છે. એ પોલીસ સ્ટેશનોની તપાસ કરીને એમની મિલકતો ઉપર દાદાનું બુલડોઝર ચલાવી દાદાએ દાખલો બેસાડવો જોઈએ. અને એમની મિલકતો જપ્ત કરવી જોઈએ.આને કારણે ડુપ્લિકેટ દારૂના માલનું દૂષણ પણ બંધ થશે. અને મા-બહેનો વિધવા થતી અટકશે સાથે દારૂના બુટલેગરોને જેલના સળિયા પાછળ લાંબા સમય સુધી ધકેલી દેવા જોઈએ.

હવે વાત કરીએ ખાદ્ય પદાર્થો ની જે રીતે ડુપ્લિકેટ દારૂ બને છે એમ ખાદ્ય પદાર્થો જેવા કે દૂધ, પનીર, ઘી, માખણ,ચીઝ, તેલ જેવા પદાર્થો માં પણ હવે નફાખોરો ભેળસેળ કરતા થઈ જતાં જનતાના આરોગ્ય સામે ખતરો ઊભો થઈ ગયો છે. હાલ માં રાજ્યના કેટલાક શહેરો માંથી નકલી પનીર, નકલી ઘી, નકલી માખણ, નકલી દૂધ, નકલી તેલ પકડવાના કેટલાય બનાવો આરોગ્ય ખાતાના ચોપડે અને ગુજરાતના પોલીસ સ્ટેશનોમાં નોંધાયા છે. ત્યારે સવાલ એ પેદા થાય છે કે દૂધ એ બાળક જન્મે છે ત્યારે જરૂર પડે છે એ જ રીતે દૂધ, ઘી, માખણ, સુવાવડી બાઈ કે પ્રેગનન્સી વખતે મહિલાઓને ખાસ આપવામાં આવે છે. એ સમયે આવા ભેળસેળવાળા ખાદ્ય પદાર્થો જ્યારે શરીરમાં જાય છે ત્યારે શરીર માં અનેક પ્રકારના રોગોનો જન્મ થાય છે અને વ્યક્તિનું આરોગ્ય જોખમમાં આવી પડે છે. ત્યારે આવા ભેળસેળિયા અને પૈસા કમાવાની લાલચમાં લોકોના આરોગ્યને નુકશાન પહોંચાડે છે. આવા લોકોને ગુજરાત રાજયમાં અલગ-અલગ શહેરોમાં ભૂતકાળમા અને વર્તમાનમાં પોલીસ સ્ટેશનોમાં ગુના નોંધાયા છે તેવા લોકોના માલ-મિલકત જપ્ત કરવી જોઈએ અને લાંબા સમય સુધી જેલના સળિયા પાછળ ધકેલી દેવા જોઈએ. એમની મિલકત ઉપર દાદાનું બુલડોઝર પણ ફેરવી દેવું જોઈએ. અને આનાથી બીજા ભેળસેળ કરતાં અટકશે. અને આવી ગુનાહિત પ્રવૃતિ કરતાં અટકશે.

# જુની પેન્શન યોજના મામલે ગુજરાત રાજય કર્મચારી મહામંડળ આક્રમક : મુખ્યમંત્રીને આપ્યુ અલ્ટીમેટમ

## રાજયવ્યાપી આંદોલન અને રાજકીય પડકાર: હડતાલ અને માસ સીએલ ની ચીમકી




પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત રાજય કર્મચારી મહામંડળે પોતાની મુખ્ય માંગણીઓ ખાસ કરીને જુની પેન્શન યોજના (ઓપીએસ) લાગુ કરવા માટે સરકાર સામે બાંયો ચડાવી છે. કર્મચારી મહામંડળ દ્વારા મુખ્યમંત્રીને સીધુ અલ્ટીમેટમ આપવામાં આવ્યુ છે કે રાજસ્થાનની જેમ ગુજરાતમાં પણ જુની પેન્શન યોજના તાત્કાલીક અસરથી પુન: લાગુ કરવામાં આવે, લાંબા સમયથી પેન્ડીંગ આ માંગણી મુદ્દે સરકારી કર્મચારીઓ હવે કોઈ બાંધછોડ કરવાના મુડમાં નથી અને સરકાર સામે આરપાર ની લડાઈ લડવા સંપૂર્ણ સજજ બન્યા છે. કર્મચારી સંગઠનોએ સ્પષ્ટ ચેતવણી આપી છે કે જો તેમની માંગણીઓ સંતોષવામાં નહી આવે તો તેઓ આગામી ૨૦૨૭ ની વિધાનસભા ચુંટણી પહેલા સમગ્ર રાજયમાં ઉગ્ર આંદોલન શરૂ કરશે, એટલુ જ નહી માંગ પુરી ન થાય તો કર્મચારીઓ સરકારને રાજકીય રીતે પણ મોટો પડકાર ફેંકવાની તૈયારી કરી રહ્યા છે. ચુંટણીના વર્ષમાં લાખો કર્મચારીઓ અને તેમના પરીવારોનો આ વિરોધ સરકાર માટે રાજકીય ક્ષેત્રે માથાનો દુ:ખાવો સાબિત થઈ શકે છે. આંદોલનના ભાગરૂપે રાજયના કર્મચારીઓએ તબકકાવાર હડતાલ અને સમુહમાં માસ સીએલ પર ઉતરવાની ગંભીર ચીમકી આપી છે. જો કર્મચારીઓ માસ સીએલ કે અનિશ્ચિત મુદતની હડતાલ પર જશે તો સચિવાલયથી લઈને જિલ્લા અને તાલુકા કક્ષાની તમામ સરકારી કચેરીઓનુ કામકાજ સંપૂર્ણપણે ઠપ થઈ જશે. સરકારી કામકાજ ખોરવાઈ જવાથી રાજયભરમાં મોટાપાયે વહિવટી ધાંધીયા સર્જાય અને સામાન્ય જનતાને ભારે હાલાકી વેઠવી પડે તેવી ભીતી સેવાઈ રહી છે.

# ગુજરાત પ્રદેશ મહાનગરપાલિકા કર્મચારી કોંગ્રેસ સુરત મહાનગરપાલિકા શાખાના પ્રમુખ કનૈયાલાલ મણીલાલ સોલંકીના દુ:ખદ અવસાન અંગે શ્રધ્ધાંજલિ



(નીડર, નિષ્પક્ષ, તટસ્થ છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

ગુજરાત પ્રદેશ મહાનગર પાલિકા કર્મચારી કોંગ્રેસ સુરત મહાનગરપાલિકા શાખાના પ્રમુખ કનૈયાલાલ મણીલાલ સોલંકી ૫૩ વર્ષની ઉંમર ટૂંકી માંદગી બાદ દુ:ખદ અવસાન થયેલ છે.

કનૈયાલાલ મણીલાલ સોલંકી સુરત મહાનગરપાલિકાના અઠવા ઝોનમાં ખટોદરા વોર્ડ ઓફિસમાં સફાઈ કામદાર તરીકે ફરજ બજાવતા હતા. તેઓ ગુજરાત પ્રદેશ મહાનગરપાલિકા કર્મચારી કોંગ્રેસના સુરત મહાનગરપાલિકા શાખાના પ્રમુખ તરીકે ૨૦૦૪ થી સેવા આપી રહ્યા હતા. તેઓ ખૂબ સેવાભાવી નીડર, પ્રમાણિક અને ઈમાનદાર હતા. તેઓ તા.૨૨/૦૮/૨૦૨૬ ના રોજ બીમાર પડતાં યુનિક હોસ્પિટલ સુરત ખાતે દાખલ કરવામાં આવેલા ત્યાંથી વધુ સારવાર માટે ન્યુ સિવિલ હોસ્પિટલ સુરત ખાતે ટૂંકી માંદગી બાદ તા.૨૪/૦૮/૨૦૨૬ પવિત્રા બારસ તિથી ના રોજ અવસાન પામ્યા છે.

સારવાર કરનારા ડોક્ટરો તેઓની ખરેખર શું માંદગી હતી તે જણાવી શકયા નથી. તેઓની અંતિમ યાત્રા તેમના ભટાર નિવાસ સ્થાનથી નીકળી ઉમરા રામનાથ ઘેલા સ્મશાન ભૂમિ ખાતે સંતશ્રી મહેશભાઈ શેઠ સંતશ્રી ૧૦૮ના મહંતકિશોર દાસ સંતશ્રી નાથુંદાસ, સંતશ્રી નગીનદાસ, સંતશ્રી કાંતિદાસ સાહેબ વિધિપૂર્વક અગ્નિદાહ આપ્યો હતો.

ગુજરાત પ્રદેશ મહાનગરપાલિકા કર્મચારી કોંગ્રેસના પ્રમુખ ભાઈલાલ બી. વૈષ્ણવ, ઉપપ્રમુખ છગનલાલ ડી.મેવાડા, મહામંત્રી સૈયદભાઈ શેખ, શહેરના સામાજિક કાર્યકર શશીકાંત સોલંકી, એડવોકેટ અશ્વિનભાઈ વૈષ્ણવ, એડવોકેટ જીતુભાઈ શાહ, એડવોકેટ અશોકભાઈ વૈષ્ણવ, એડવોકેટ મયંકભાઈ સોલંકી, હસમુખભાઈ સોલંકી, બાબુભાઈ સોલંકી, અશોકભાઈ સોલંકી, પ્રકાશભાઈ સુરતી, મોતીભાઈ સોલંકી, અતુલભાઈ સોલંકી, રમેશભાઈ સોલંકી, મનીષભાઈ રજવાડી,વિશાલભાઈ મુન્શી, સુરજભાઈ પટેલ, દિપકભાઈ સોલંકી, વિનોદભાઈ સિરસાઠ, સુરેશભાઈ રાઠોડ, નગીનભાઈ સોલંકી, સુરેશભાઈ મુંબઈવાળા, સુભાષભાઈ સોલંકી,પ્રવીણભાઈ સોલંકી, જેસિંગભાઈ, રાકેશ નટવરભાઈ સોલંકી, ચંદ્રકાંતભાઈ સોલંકી, પ્રકાશભાઈ સોલંકી અમિતભાઈ ભગત , રાકેશભાઈ સોલંકી ભરુચ વાળા, અવિનાશભાઈ મુંબઈ, ભરુચ, વડોદરા, નવસારી, વલસાડ વિગેરે સંસ્થા કાર્યકરો, સગા સંબંધીઓ, ભાઈ બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાત પ્રદેશ મહાનગરપાલિકા કર્મચારી કોંગ્રેસ ધ્વારા શ્રી કનૈયાલાલ સોલંકીના આત્માની શાંતિ માટે શોકાંજલિનો કાર્યક્રમ ન્યુઓપેરા હાઉસ, સુરત ખાતે તા.૨૭/૦૮/૨૦૨૬ ના રોજ સાંજના ૬:૦૦ કલાકે રાખવામા આવેલ છે.

# રાજકોટમાં લીવ-ઈન માં રહેતા ભાજપના આગેવાનનો ૧૨ મા માળેથી કૂદીને આપઘાત



પ્રતિનિધિ,ગાંધીનગર

રાજકોટમાં યુવતિ સાથે મૈત્રી કરાર થી રહેતા એક પરણિત યુવકે પોતાની ફ્રેન્ડના ઘરેથી ૧૨ માં માળેથી કૂદીને આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. આ યુવક વોર્ડ ૧૭ માં ભાજપનો આગેવાન હોવાનુ બહાર આવ્યુ છે.

રાજકોટના રૈયા ગામ સ્મશાન નજીકની ૧૩ માળની પામ યુનિવર્સ બિલ્ડીંગના ૧૨ માં માળેથી ઝંપલાવી નિમેષ ભંડારી (ઉ.વ.૪૨) નામના યુવકે જીવન ટુંકાવી લીધુ છે. આ યુવક ગઈ કાલે મોડી રાત્રે ડિવોર્સી લીવ-ઈન પાર્ટનરની બહેનપણીના ઘરે પહોચ્યો હતો. બાદમાં પોણા બે વાગે આસપાસ આ ઘટના બની હતી, પોલીસની તપાસમાં બહાર આવ્યુ હતુ કે નિમેષ બે સંતાનોનો પિતા છે. તે છેલ્લા અઢી વરસથી ડિવોર્સી મહિલા સાથે મૈત્રી કરાર કરીને સાથે રહેતો હતો. નિમેષ મહિલાના ઘરેથી પામ યુનિવર્સ બિલ્ડીંગમાં રહેતી ડિવોર્સી મહિલાની બહેનપણીના ઘરે ગયો હતો, જયાં નિમેષ બિલ્ડીંગના નીચેના ભાગે પછડાયેલી હાલતમાં જોવા મળ્યો હતો.

નિમેષના લગ્ન રેખા નામની મહિલા સાથે થયા હતા. તેમને સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે, કૌટુંબિક વિવાદના કારણે માતા પિતાએ નિમેષને છેલ્લા બે વરસથી ઘરમાંથી કાઢી મુકયો હતો અને હાલમાં તેમના પત્ની રેખા પોતાના બે બાળકો સાથે સાસુ-સસરા સાથે જ રહે છે. નિમેષ ભંડારી રાજકોટ શહેર ભાજપમાં વોર્ડ નંબર ૧૭ ના આગેવાન છે, અગાઉ તે આ જ વોર્ડમાં કિસાન મોરચામાં સભ્ય તરીકે જવાબદારી નિભાવતા હતા.

# ભાવનગર લઠ્ઠાકાંડ માં પીઆઈ-પીએસઆઈ સહિતના પોલીસકર્મીઓ રડારમાં: આઈજી ગગનદીપ ગંભીરે ૧૦ કલાક થી વધુ સમય સુધી કરી પૂછપરછ




પ્રતિનિધિ,ગાંધીનગર

ભાવનગરના ખારકડી ગામ અને આજુબાજુના વિસ્તારમાં સર્જાયેલા નકલી તથા ઝેરી દારૂકાંડ બાદ હવે તપાસનો દોર માત્ર આરોપીઓ અને સપ્લાય નેટવર્ક સુધી સિમિત રહ્યો નથી, સ્ટેટ મોનીટરીંગ સેલ (એસએમસી) દ્વારા સ્થાનિક પોલીસની કામગીરી ની પણ જીણવટભરી તપાસ કરવામાં આવી છે. આ તપાસમાં પોલીસ તંત્રની સંભવિત બેદરકારી, ગેરકાયદે દારૂના નેટવર્ક અંગે અગાઉથી કોઈ માહિતી હતી કે નહી અને આ ઘટના અગાઉ તથા ઘટના બાદ પોલીસ દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવી હતી જેવા મુદ્દાઓને કેન્દ્રમાં રાખવામાં આવ્યા હોવાનુ બહાર આવ્યુ છે.

આ સમગ્ર તપાસની દેખરેખ એસએમસીના વડા આઈજી ગગનદીપ ગંભીર કરી રહ્યા છે. તાજેતરમાં તેઓ ભાવનગર પહોચ્યા હતા અને સ્થાનિક પોલીસતંત્ર સાથે જોડાયેલા અધિકારીઓ તથા કર્મચારીઓની પૂછપરછ કરવામાં આવી હતી. ઉપલબ્ધ અહેવાલો મુજબ નિલમબાગ અને વરતેજ પોલીસ મથક ઉપરાંત એલસીબી અને એસઓજી સાથે સંકળાયેલા પોલીસ અધિકારીઓ તથા કર્મચારીઓ પાસેથી પણ વિગતો મેળવવામાં આવી રહી છે. જો કે કેટલાક અહેવાલોમાં પૂછપરછનો સમય અલગ અલગ જણાવાયો છે. તેથી આઈજી ગગનદીપ ગંભીર દ્વારા ચોકકસપણે ૧૦ કલાક થી વધુ સમય સુધી સતત પૂછપરછ થઈ રહી હોવાની વાતને હાલ સત્તાવાર રીતે પુષ્ટી મળેલી માહિતી તરીકે રજુ કરી શકાય તેમ નથી.

તાજેતરના એક અહેવાલમાં એસએમસી ની ટીમે પોલીસ બેડામાં ૯ કલાક થી વધુ સમય તપાસ હાથ ધરી હોવાનુ જણાવાયુ છે. ભાવનગર લઠ્ઠાકાંડ માં મૃત્યુઆંક ૧૩ સુધી પહોચ્યો છે અને ઘટનાની ગંભીરતાને પગલે તપાસનો વ્યાપ સતત વધારવામાં આવી રહ્યો છે. એસએમસી દ્વારા અગાઉથી જ નકલી દારૂના નેટવર્ક સાથે જોડાયેલા આરોપીઓની ધરપકડ, તેમના રહેણાંક સ્થળોએ પંચનામા અને પુરાવા એકત્ર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. ૨૩ ઓગસ્ટના અહેવાલો મુજબ વધુ ૧૩ આરોપીઓની ધરપકડ થતા કેસમાં કુલ ધરપકડનો આંકડો ૨૭ સુધી પહોચી ગયો છે. મધ્યપ્રદેશના ઉજજૈનમાંથી મુખ્ય સપ્લાયરો માં ના એક આરોપીની પણ ધરપકડ કરવામાં આવી છે.

આ કાર્યવાહી વચ્ચે હવે તપાસનો બીજો મહત્વનો તબકકો સ્થાનિક પોલીસની કામગીરી તરફ વળ્યો છે. એસએમસી ના અધિકારીઓ દ્વારા પીઆઈ અને પીએસઆઈ સહિતના પોલીસ અધિકારીઓ તેમજ અન્ય કર્મચારીઓના નિવેદનો નોંધવામાં આવી રહ્યા હોવાના અહેવાલો સામે આવ્યા છે.

તપાસ દરમિયાન ઘટના પહેલા વિસ્તારમાં ગેરકાયદે દારૂની હેરફેર અંગે કોઈ માહિતી પોલીસ પાસે હતી કે નહી, અગાઉ કોઈ ફરીયાદ કે ઈનપુટ મળ્યો હતો કે નહી અને તે આધારે કોઈ કાર્યવાહી કરવામાં આવી હતી કે નહી, તેવા પ્રશ્નો તપાસનો ભાગ બની શકે છે. જો કે આમાંથી કોઈ ચોકકસ અધિકારી દોષિત છે કે પોલીસ-બુટલેગર સાંઠગાંઠ હતી તેવુ તપાસ પૂર્ણ થાય તે પહેલા કહેવુ યોગ્ય નહી બને. તપાસમાં વરતેજ અને નિલમબાગ પોલીસ મથક સાથે એલસીબી તથા એસઓજી ના કર્મચારીઓના નિવેદનો લેવામાં આવી રહ્યા હોવાની માહિતી સામે આવી છે. અહેવાલો અનુસાર ઘટના પહેલા અને બાદની પોલીસ કામગીરી અંગે પણ વિગતો મેળવવામાં આવી રહી છે. આ સાથે લઠ્ઠાકાંડના અસરગ્રસ્તોને સારવાર આપનારા તબીબો પાસેથી પણ માહિતી મેળવવાની કાર્યવાહીનો ઉલ્લેખ થયો છે. જેથી ઘટનાક્રમ , દર્દીઓમાં જોવા મળેલી અસર અને ઘટનાની સમયરેખા વધુ સ્પષ્ટ થઈ શકે.

આ તપાસને માત્ર વ્યકિતગત જવાબદારી નકકી કરવાની પ્રક્રિયા તરીકે જોવાને બદલે સમગ્ર સિસ્ટમની કામગીરીની સમીક્ષા તરીકે જોવી જરૂરી છે. કારણ કે નકલી દારૂનુ નેટવર્ક એક દિવસમાં ઉભુ થતુ નથી, તેના માટે કાચો માલ, બોટલ, સ્ટિકર, પેકીંગ, પરીવહન અને વિતરણ જેવી અનેક કડીઓ હોવી જરૂરી છે. એસએમસી ની અત્યાર સુધીની તપાસમાં પણ નકલી દારૂના ઉત્પાદન અને સપ્લાય સાથે જોડાયેલી અનેક કડીઓની તપાસ થઈ રહી હોવાનુ વિવિધ અહેવાલોમાં બહાર આવ્યુ છે.

# કેન્દ્રીય ગૃહ મંત્રી અમિતભાઈ શાહની અમદાવાદ મુલાકાત સંદર્ભે 'નો ડ્રોન ફ્લાય ઝોન'અંગેનું શહેર પોલીસ કમિશનર દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરાયું

કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિત શાહ તા.૨૬/૦૮/૨૦૨૬થી તા.૨૯/૦૮/૨૦૨૬ દરમિયાન અમદાવાદ શહેરની મુલાકાતે પધારનાર છે.

તેમની મુલાકાત દરમિયાન મહાનુભાવશ્રી તેમજ જાહેર જનતાની સુરક્ષા અને કાયદો-વ્યવસ્થાની જાળવણીને ધ્યાને લઈ અમદાવાદ શહેર પોલીસ કમિશનરશ્રી દ્વારા સમગ્ર અમદાવાદ શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં 'નો ડ્રોન ફ્લાય ઝોન' જાહેર કરવામાં આવ્યો છે. જાહેરનામા મુજબ, તા.૨૬/૦૮/૨૦૨૬ના સાંજે ૬:૦૦ કલાકથી તા.૨૯/૦૮/૨૦૨૬ના બપોરે ૨:૦૦ કલાક સુધી અમદાવાદ શહેરના તમામ વિસ્તારોમાં રીમોટ કંટ્રોલથી સંચાલિત ડ્રોન, ક્વાડકોપ્ટર, પાવર્ડ એરક્રાફ્ટ, માનવ સંચાલિત માઈક્રોલાઈટ એરક્રાફ્ટ, હેંગ ગ્લાઈડર, પેરાગ્લાઈડર, પેરામોટર, હોટ એર બલૂન તથા પેરા જમ્પિંગ ચલાવવા/કરવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે.

દેશ વિરોધી સંગઠનો, આતંકવાદી તથા ભાંગફોડિયા તત્વો દ્વારા આવા માનવરહિત કે માનવ સંચાલિત હવાઈ સાધનોનો દુરુપયોગ કરી મહાનુભાવશ્રી તથા જાહેર જનતાની સુરક્ષા અને કાયદો-વ્યવસ્થાને નુકસાન પહોંચાડવાની શક્યતાને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે. અપવાદરૂપે, પોલીસ વિભાગ અને સુરક્ષાદળો દ્વારા ઉપરોક્ત સાધનોનો ઉપયોગ કરવામાં આવે તો તેઓને આ જાહેરનામામાંથી મુક્તિ આપવામાં આવી છે.

જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ફરિયાદ કરવા માટે અમદાવાદ કમિશનરેટમાં ફરજ બજાવતા સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રીથી પો.સ.ઈ. સુધીના હોદ્દો ધરાવતા અધિકારીઓને અધિકૃત કરવામાં આવ્યા છે.

અમદાવાદ શહેર પોલીસ દ્વારા નાગરિકોને આ જાહેરનામાનું ચુસ્તપણે પાલન કરી સુરક્ષા વ્યવસ્થા જાળવવામાં સહયોગ આપવા અપીલ કરવામાં આવી છે.

# જુનાગઢ જિલ્લામાં કાગળ પર ૭૫ વિદ્યાર્થીઓ: શાળામાં એક પણ વિદ્યાર્થી નહી: મેંદરડાની આશ્રમશાળા સામે યુવરાજસિંહ જાડેજાના ગંભીર આક્ષેપ

## ૭૫ વિદ્યાર્થીઓના નામ સામે સ્થળ પર કોઈ વિદ્યાર્થી નહી હોવાનો દાવો : બોગસ જન્મ પ્રમાણપત્ર અને એલસી બનાવ્યાનો પણ આક્ષેપ



પ્રતિનિધિ,ગાંધીનગર

જુનાગઢ જિલ્લાના મેંદરડા તાલુકાના સુરજગઢ ગામમાં આવેલી ભગવતી આદિજાતિ આશ્રમશાળા સામે બોગસ જન્મ પ્રમાણપત્ર અને માત્ર કાગળ પર દર્શાવેલા વિદ્યાર્થીઓના નામે લાખો રૂપીયાની સરકારી ગ્રાન્ટ મેળવવાનો ગંભીર આક્ષેપ બહાર આવ્યો છે. આમ આદમી પાર્ટીના નેતા યુવરાજસિંહ જાડેજાએ આશ્રમશાળાની મુલાકાત બાદ શાળાની કામગીરી અંગે વિદ્યાર્થીઓની હાજરી અંગે અનેક સવાલો ઉઠાવ્યા છે.

યુવરાજસિંહના જણાવ્યા મુજબ આશ્રમ શાળાની મુલાકાત દરમિયાન હાજરીપત્રકમાં વિદ્યાર્થીઓની હાજરી અને ગેરહાજરી ની નોંધ જોવા મળી હતી, જો કે શિક્ષણ વિભાગની સુચના મુજબ આ હાજરી ઓનલાઈન પ્લેટફોર્મ પર અપલોડ કરવામાં આવતી ન હતી હોવાનો તેમણે આક્ષેપ કર્યો છે. તેમણે એવો પણ દાવો કર્યો હતો કે શાળામાં લેવાયેલી ત્રિમાસિક પરીક્ષાના પ્રશ્નપત્રો સ્થળ પર ઉપલબ્ધ ન હતા, પૂછપરછ દરમિયાન પ્રશ્નપત્રો વિદ્યાર્થીઓ ઘરે લઈ ગયા હોવાનુ જણાવાયુ હતું. યુવરાજસિંહ જાડેજાએ આરોપ મુકયો છે કે શાળાના રેકોર્ડમાં આશરે ૭૫ વિદ્યાર્થીઓનો પ્રવેશ દર્શાવી નિભાવગ્રાન્ટ, રહેણાંક ગ્રાન્ટ અને માળખાકીય સુવિધાઓ માટે સરકારી ફંડ મેળવવામાં આવે છે. તેમના દાવા મુજબ સ્થળ મુલાકાત દરમિયાન એકપણ વિદ્યાર્થી હાજર મળ્યો ન હતો. આ સમગ્ર મામલે વિદ્યાર્થીઓની વાસ્તવિક હાજરી અને સરકારી ફંડના ઉપયોગ અંગે સવાલો ઉભા થયા છે.

યુવરાજસિંહ જાડેજાએ વધુમાં આરોપ મુકયો છે કે કેટલાક બાળકોના બોગસ જન્મ પ્રમાણપત્ર અને એલસી બનાવીને તેમને શાળાના રેકોર્ડમાં વિદ્યાર્થી તરીકે દર્શાવવામાં આવ્યા છે. તેમણે ભુતકાળમાં શાળાની મુલાકાત લેનારા વિવિધ અધિકારીઓની વિઝીટ બુકની નોધ અંગે પણ સવાલો ઉઠાવ્યા છે અને સમગ્ર મામલે જવાબદારી નકકી કરવાની માંગ કરી છે. તો બીજી તરફ આશ્રમશાળાના પ્રિન્સિપાલ નિમિષ રાજયગુરૂના જણાવ્યા મુજબ તેઓ વર્ષ ૨૦૧૭-૧૮ થી આ સંસ્થામાં કાયમી વિદ્યાસહાયક તરીકે કાર્યરત છે અને અન્ય કર્મચારીઓના અભાવે ચાર્જ સંભાળી રહ્યા છે. તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે શાળામાં ૩ રૂમ, ૧ હોલ અને ૧ કોઠાર છે, શાળાના રેકોર્ડમાં આશરે ૬૫ થી ૭૫ વિદ્યાર્થીઓના નામ નોંધાયેલા છે. પરંતુ સ્થળપર વિદ્યાર્થીઓની હાજરી ખુબ ઓછી રહેતી હોવાનુ તેમણે સ્વીકાર્યુ હતું.

આદિજાતિ વિભાગના મદદનીશ ઈન્ચાર્જ કમિશ્નર અજય આચાર્યના જણાવ્યા મુજબ વર્ષ ૨૦૨૫ માં આ સંસ્થા રાજકોટ કચેરી હેઠળ આવ્યા બાદ અધિકારીઓ દ્વારા સુરજગઢ આશ્રમશાળાની રૂબરૂ તપાસ કરવામાં આવી હતી.

તપાસ બાદ સ્થિતિ અંગેનો વિગતવાર અહેવાલ ગાંધીનગર સ્થિત ઉચ્ચ કચેરીને મોકલવામાં આવ્યો હતો.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે સંસ્થાની ગંભીર સ્થિતિ અને ગેરરીતીની શંકાને ધ્યાનમાં રાખીને રાજકોટ કચેરી હેઠળ આવ્યા બાદ આશ્રમશાળાને નિભાવ ભથ્થાની કોઈ ચુકવણી કરવામાં આવી નથી.

જુનાગઢ જિલ્લા શિક્ષણ અધિકારી લત્તાબેન ઉપાધ્યાયે જણાવ્યુ હતુ કે આ આશ્રમશાળા આદિજાતિ વિકાસ વિભાગ હેઠળ કાર્યરત હોવાથી તેની જાળવણી, નિભાવ અને રેકોર્ડની ચકાસણીની જવાબદારી મુખ્યત્વે સંબંધિત વિભાગની છે. તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે મુદ્દો ધ્યાનમાં આવ્યા બાદ આદિજાતિ વિભાગના અધિકારીઓ સાથે વાતચીત કરવામાં આવી હતી. શાળાની તપાસ પૂર્ણ કરીને અહેવાલ રાજય કચેરીને મોકલવામાં આવ્યો છે અને રાજયકક્ષાએ પણ તપાસની કાર્યવાહી શરૂ થઈ હોવાનુ જણાવાયુ છે. અધિકારીઓના જણાવ્યા મુજબ સમગ્ર મામલે તપાસ કરીને ઉપલબ્ધ આધાર અને દસ્તાવેજોની ચકાસણી કરવામાં આવશે. તપાસ દરમિયાન જે પણ તથ્યો સામે આવશે અને જે વ્યકિતની જવાબદારી નકકી થશે તેની સામે નિયમ મુજબ ખાતાકીય કાર્યવાહી કરવામાં આવશે. હાલ સુરજગઢ ની ભગવતી આદિજાતિ આશ્રમશાળાની માન્યતા રદ કરવા અંગેનો અંતિમ નિર્ણય ગાંધીનગર કક્ષાએ વિચારણા હેઠળ હોવાનુ પણ જણાવાયુ હતું.

# મચ્છરજન્ય અને પાણીજન્ય રોગચાળાએ માથું ઊંચક્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદ શહેરમાં મચ્છરજન્ય અને પાણીજન્ય રોગચાળાએ ભારે માથું ઊંચક્યું છે, જેના કારણે શહેરીજનો મોટા પ્રમાણમાં બીમારીઓનો શિકાર બની રહ્યા છે. ખાસ કરીને ગોતા, ચાંદલોડિયા અને લાંભા જેવા વિસ્તારોમાં ડેન્ગ્યુના કેસોમાં ચિંતાજનક ઉછાળો જોવા મળી રહ્યો છે.

આ વિસ્તારોમાં મચ્છરોનો ઉપદ્રવ વધવાને કારણે ઘરોમાં તાવ અને ડેન્ગ્યુના દર્દીઓની સંખ્યા સતત વધી રહી છે, જેને પગલે સ્થાનિક રહીશોમાં ભારે ફફડાટ અને ચિંતાનો માહોલ વ્યાપી ગયો છે. ચાલુ માસના માત્ર ૨૩ દિવસના આંકડાઓ પર નજર કરીએ તો, શહેરમાં ડેન્ગ્યુના ૧૪૭ કેસ, ઝાડા-ઉલ્ટીના ૨૭૩, ટાઈફોઈડના ૧૫૩, સાદા મલેરિયાના ૭૬, કમળાના ૫૨, ઝેરી મલેરિયાના ૧૪ અને ચિકનગુનિયાના ૦૩ કેસ નોંધાઈ ચૂક્યા છે.